# કેશોદમાં આંગડિયા પેઢીના માલિક પાસેથી રૂપિયા ભરેલાં થેલાની થઈ લુંટ : પોલીસ ફરીયાદ

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૩

કેશોદના આંબાવાડી વિસ્તારમાં આંગડિયા પેઢીના માલિક પોતાનાં ઘરે પહોંચ્યા હતા ત્યારે બે મોઢે રૂમાલ બાંધીને બાઈક પર આવેલા બે શખ્સોએ રૂપિયા ભરેલો થેલો ઝુંટવી નાસી જતાં નાસભાગ મચી ગઈ હતી. કેશોદના આંબાવાડી વિસ્તારમાં જલારામ મંદિર પાસે રહેતા અને ગડુ ખાતે વી પટેલ નામની આંગડિયા પેઢી ધરાવતાં પ્રફુલભાઈ ગોટેચા રોજીંદા ગડુ થી એસટી બસ દ્વારા કેશોદ આવી પોતાની પુત્રવધુ બાઈક પર તેડીને ઘરે લાવતાં હોય ત્યારે આજે આંગડિયા પેઢીના માલિક પ્રફુલભાઈ ગોટેચા રેલ્વે સ્ટેશન સુધી પગપાળા ચાલીને આવ્યાં બાદ પુત્રવધૂ સાથે બાઈક પર બેસીને કેશોદ સરકારી દવાખાના પાસે ફર્નિચરની દુકાને થઈને ઘર પાસે પહોંચી રહ્યાં હતાં ત્યારે અચાનક બે અજાણ્યા શખ્સો મોંઢે રૂમાલ બાંધી કાળા કલરની એકટીવા નં.૫૭૪૭ પર આવી રૂા.૧૨,૫૧,૬૫૦ ભરેલો થેલો ઝુંટવી જાગનાથ સોસાયટી તરફ નાસી છૂટયા હતા બુમાબુમ અને રાડારાડ કરતાં બાઈક ચાલકોને પકડી લેવા આસપાસના રહીશો વેપારીઓ દોડ્યા હતા પરંતુ લુટારુઓ નાસી જવામાં સફળ રહ્યાં હતાં. કેશોદના આંબાવાડી વિસ્તારમાં જલારામ મંદિર પાસે વી પટેલ નામની આંગડિયા પેઢી ચલાવતાં પ્રફુલ્લભાઈ ગોટેચા પુત્રવધૂ સાથે ઘર પાસે પહોંચતા તેર લાખ રૂપિયા જેવી રકમ ભરેલો થેલો સાસરા વહુ કાંઈ સમજે એ પહેલાં લુંટી અજાણ્યા શખ્સો નાસી જતાં તાત્કાલિક કેશોદ પોલીસ વિભાગ નાં ડીવાયએસપી બી. સી. ઠક્કર પોલીસ ઈન્સપેક્ટર બી. બી. કોળી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. એચ. વાળા પોલીસ સ્ટાફ સાથે પહોંચી આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ કરતા એક કાળા કલરની એકટીવા આવેલ લૂંટારૂને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે અને લુંટનો ભોગ બનનાર વી પટેલ આંગડિયા પેઢીના પ્રફલ્લભાઈ ગોટેચાએ કાળા કલર જેવી એકટીવા નંબર ૫૭૪૭ના ચાલક તથા તેની પાછળ બેસેલ શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂા.૧,૮૬,૯૯૬ની ઓનલાઈન છેતરપિંડી કરનાર શખ્સને સાયબર પોલીસ સ્ટેશન જૂનાગઢ દ્વારા ઝડપી લેવામાં આવેલ છે




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

ઓનલાઈન નાણાંકિય છેતરપિંડીનો વધુ એક કિસ્સો બહાર આવેલ છે. જેમાં તપાસના અંતે સાયબર પોલીસ સ્ટેશન દ્વારા રાજકોટના ભાવિન શૈલેષભાઈ વિરાણી નામના શખ્સને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલ વિગત અનુસાર, બજાજ ફાયનાન્સના કાર્ડમાંથી કેશ લોન કરી આપી લોનના રૂપીયા ફરીયાદીના ખાતામાં જમા કરી આપશે તેવી લાલચ આપી ફરીયાદી પાસેથી બજાજ ફાયનાન્સ કાર્ડના નંબર તથા ઓટીપી મેળવી લઈ ફરીયાદીના બજાજ ફાયનાન્સના કાર્ડમાંથી અલગ-અલગ મોબાઈલ નંબરો મારફતે લોન કરી ઓનલાઈન વન-પ્લસ/ ઓપો/વીવો વગેરે જેવા મોબાઈલ ફોનની ખરીદી કરી લઈ અલગ-અલગ ફરીયાદીઓ સાથે કુલ રૂા.૧,૮૬,૯૯૬ની ઓનલાઈન નાણાંકીય છેતરપીંડી કરનાર આરોપીને પકડી સાયબર પોલીસ સ્ટેશન જૂનાગઢ દ્વારા ઝડપી લેવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢ રેન્જ, જૂનાગઢના નાયબ પોલીસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયા દ્વારા સાયબરના ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સુચના અને માર્ગદર્શન મુજબ સાયબર પોલીસ સ્ટેશન જૂનાગઢ રેન્જ, જૂનાગઢના (૧)ગુ.ર.નં.૧૧૨૦૩૦ ૭૧૨૨૦૦૨૫/૨૦૨૨ આઈ.પી.સી. કલમ-૪૧૭, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટ કલમ-૬૬ (ડી) મુજબ દાખલ તા.૨૨/૦૫/૨૦૨૨ ક.૧૧/૩૦ (૨)ગુ.ર.નં.૧૧૨૦૩૦ ૭૧૨૨૦૦૨૬/૨૦૨૨ આઈ.પી.સી. કલમ-૪૧૭, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટ કલમ-૬૬ (ડી) મુજબ દાખલ તા.૨૪/૦૫/૨૦૨૨ ક.૧૭/૪૫ (૩) ગુ.ર.નં. ૧૧૨૦૩૦૭૧૨૨૦૦૨૭/ ૨૦૨૨ આઈ.પી.સી. કલમ- ૪૧૭, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટ કલમ-૬૬ (ડી) મુજબ દાખલ તા.૨૪/૦૫/૨૦૨૨ ક.૨૧/૨૦ (૪) ગુ.ર.નં.૧૧૨૦૩૦ ૭૧૨૨૦૦૨૮/૨૦૨૨ આઈ.પી.સી. કલમ-૪૧૭, ૪૨૦ તથા આઈ.ટી. એક્ટ કલમ-૬૬ (ડી) મુજબ દાખલતા.૨૬/૦૫/૨૦૨૨ ક.૧૧/૩૦ જાહેર થયેલ જે કુલ- ૪ ગુન્હાઓ દાખલ થયા હતા. જેથી આ કામે સાયબર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા હ્યુમનસોર્સ તથા ટેકનીકલ સર્વેલન્સ આધારે ભાવીન શૈલેષભાઈ વિરાણી જાતે.પટેલ (ઉ.વ.૨૭) ધંધો.છુટકવેપાર રહે.લક્ષ્મણ ટાઉનશીપ, બ્લોક નં.જી-૪૦૭, મોટામૌવા મેઈન રોડ, રાજકોટ મો.નં.૭૦૪૮૫૫૫૫૮૮ આરોપીને પકડી ઉપરોકત વિગતે દાખલ થયેલ ગુનાનો ભેદ ઉકેલી પકડાયેલ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી નામદાર જૂનાગઢ કોર્ટ ખાતે રજુ કરતા કોર્ટ દ્વારા જૂનાગઢ જેલ ખાતે મોકલી આપેલ છે.

# સોમનાથ : દિવાળી વેકેશન અંગે વ્યવસાય સ્થાનકો સજ્જ





## સોમનાથથી ઉપડતી દેશના અન્ય તિર્થ પ્રવાસસ્થાનોનો જોડતી ટ્રેનોના બુકીંગ ડીસેમ્બરના પહેલા અઠવાડીયા સુધી ફુલ

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૩

સોમનાથ-પ્રભાસ પાટણમાં આગામી દિવાળીના તહેવારો ઉપર યાત્રિકો-પ્રવાસીઓની ભારે ભીડ, માનવ પ્રવાહ વહેવાની ધારણાને તિર્થ યાત્રિકો-પ્રવાસીઓ ઉપર નભતા વ્યવસાયિક સંસ્થાનો માં પ્રતિક્ષા-આશા સાથે નવો પ્રાણ ફુંકાયો છે.

અતિથી ગૃહો લગભગ-લગભગ લાભ પાંચમ કે વધતે-ઓછે અંશે દેવ-દિવાળી સુધી ફુલ થઈ જવામાં છે અને સંચાલકો પોતાની વેબસાઈટ બુકીંગ ઉપર આશાસ્પદ નજર રાખી રહયા છે.

રેલ્વે સ્ટેશન સોમનાથ રી ડેવલોપમેન્ટ કારણે બંધ હોય રીક્ષા ચાલકોને વેરાવળથી સોમનાથ સુધી રીક્ષા કરવાની થતી હોય જેથી ગેરેન્ટેડ લક્ષ્મી આવવાની છે તે નિશ્ચિત ધારણા છે.

સોમનાથ-વેરાવળથી ઉપડતી ટ્રેનોનું નવેમ્બર માસનું રેલ્વે રીઝર્વેશન ટીકીટ ફુલ છે જે ડીસેમ્બરના પહેલા અઠવાડીયા સુધી ફુલ વેઈટીંગ છે. જેમાં મદ્રાસ જતી નવજીવન એકસપ્રેસ, વેરાવળ-ત્રિવેન્દ્રમ એકસપ્રેસ, વેરાવળ-બોમ્બે ટ્રેન, લીંક હરદ્વાર ટ્રેન, દિલ્હી જતી ટ્રેનોમાં રીઝર્વેશન ફુલ જોવા મળી રહયો છે. આમ, તહેવારોનો પ્રવાસીઓમાં ઉત્સાહ છલકાય છે.

# મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત ખાસ ઝુંબેશ દિવસની તારીખોમાં ફેરફાર

## તા.૪-૧૧-૨૦૨૩ના બદલે તા.૨૬-૧૧-૨૦૨૩ રવિવાર અને તા.૨-૧૨-૨૦૨૩ના બદલે તા.૯-૧૨-૨૦૨૩ શનિવારના રોજ યોજાશે ખાસ ઝુંબેશ દિવસ

### તા.૫-૧૧-૨૦૨૩ રવિવાર અને તા.૩-૧૨-૨૦૨૩ રવિવારના દિવસોએ ખાસ ઝુંબેશ યથાવત રહેશે

જૂનાગઢ તા.૩

લોકસભાની આગામી સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૦૧લી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાસ સંક્ષિપ્ત સુધારણાના સમયગાળા દરમિયાન ખાસ ઝૂંબેશ દિવસ તરીકે અગાઉ નિયત કરવામાં આવેલી તા.૦૪/૧૧/૨૦૨૩ અને તા.૦૨/૧૨/૨૦૨૩ એમ બે તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર હવે તા.૦૪/૧૧/૨૦૨૩ના બદલે તા.૨૬/૧૧/૨૦૨૩(રવિવાર) તથા તા.૦૨/૧૨/૨૦૨૩ના બદલે તા.૦૯/૧૨/૨૦૨૩ (શનિવાર)ને ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવ્યો છે. આ સાથે જ ખાસ ઝૂંબેશ દિવસ તરીકે નિયત કરવામાં આવેલા તા.૦૫/૧૧/૨૦૨૩ (રવિવાર) અને તા.૦૩/૧૨/૨૦૨૩ (રવિવાર)ના દિવસોએ ખાસ ઝુંબેશ યથાવત રાખવામાં આવી છે. આ દિવસે બૂથ લેવલ ઑફિસર્સ સવારે ૧૦.૦૦થી સાંજે ૦૫.૦૦ વાગ્યા દરમિયાન સંબંધિત બૂથ પર હાજર રહેશે અને નાગરિકોને રુબરુ જોવા માટે મતદારયાદી ઉપલબ્ધ કરાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના **Voter Helpline App** અને **VSP** ઉપર ઑનલાઈન ફોર્મ ભરી શકાશે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪નાં પૂર્વાર્ધ રૂપે એમઓયુની સિરીઝમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં વધુ ૮ MoU સંપન્ન




ગાંધીનગર તા.૩

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી સીરીઝનાં પ્રારંભ પૂર્વે જ વિવિધ ઉદ્યોગ જુથો સાથે ગાંધીનગરમાં રાજ્યકક્ષાએ સેં કરવાનો ઉપક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વેગવંતો બન્યો છે.

રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ આવા MoU વિવિધ ઉદ્યોગો સાથે કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં ૪૭ MoU રૂ. ૨૫,૯૪૫ કરોડના સંભવિત રોકાણો માટેના થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ શૃંખલાને આગળ ધપાવતા ગઈકાલે વધુ ૮ એમ.ઓ.યુ. વિવિધ ઉદ્યોગ રોકાણકારોએ રાજ્ય સરકાર સાથે કર્યા હતા. આ અંતર્ગત ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં મેડિકલ ડિવાઈસીસ એન્ડ બાયોલોજીકલ મેન્યુફેક્ચરિંગ, દવાઓ અને ઈન્જેક્શન, ટેબલેટ, કેપ્સ્યુલ, બલ્ક ડ્રગ ઉત્પાદન માટેના કુલ રૂ. ૧૭૭૦ કરોડના રોકાણોના એમઓયુ કરવામાં આવ્યા હતા. આના પરિણામે ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં સમગ્રતયા ૧૦,૮૦૦ જેટલા સંભવિત રોજગાર અવસર મળતા થશે. આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, ઊદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત અને ઊદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં થયેલા આ એમ.ઓ.યુ. અન્વયેના ઊદ્યોગો પોતાના એકમો સંભવતઃ ૨૦૨૪ અને ૨૦૨૫માં શરૂ કરશે. વાપી, વાઘોડિયા, સાવલી, વાલીયા, પાનોલી, બાવળામાં આ ઊદ્યોગો શરૂ થવાના છે. ફાર્માસ્યુટિકલ સેક્ટર ઉપરાંત એન્જિનિયરિંગ, ઓટો એન્ડ ઓટો કમ્પોનન્ટ્સ સેક્ટરમાં રૂપિયા ૩ હજાર કરોડના રોકાણો તથા લોજિસ્ટિક્સ પાર્ક માટે રૂપિયા ૨૦૫ કરોડ અને મેન મેઈડ સ્પિનિંગ યાર્નના ફેબ્રિક ઉત્પાદન માટે ૧૪૦ કરોડના રોકાણો માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. આ એમ.ઓ.યુ. કરનારા ઉદ્યોગ સાહસિકોએ રાજ્ય સરકારના તેમને મળેલા પ્રોત્સાહક અને પ્રોએક્ટીવ અભિગમની સરાહના કરી હતી.

મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, ઊદ્યોગના અધિક મુખ્ય સચિવ હૈદર તેમ જ વરિષ્ઠ સચિવો આ એમ.ઓ.યુ. સાઈનિંગ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના મહીકા ગામના સ્મશાનમાં કાળી ચૌદશની શાનદાર ઉજવણી કરવામાં આવશે

## વિજ્ઞાન જાથાનો રાજય કક્ષાનો કાર્યક્રમ મહીકા મુકિતધામમાં યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩

ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા રાજય કક્ષાનો રાજકોટ તાલુકાના મહીકા ગામના સ્મશાનમાં ગ્રામ પંચાયત અને ગ્રામજનોના સહકારથી તા.૧૧મી નવેમ્બર રાત્રીના નવ કલાકે ગામના ધણ ચોકમાંથી મેલીવિદ્યાની નનામી, ભૂતપ્રેતનું સરઘસ, મશાલ સરઘસથી પ્રારંભ કરી સ્મશાનમાં મોડી રાત સુધી નવતર કાર્યક્રમોથી કરવામાં આવશે. રાજયમાં જાથાની શાખાઓ ઉપરાંત ૧૨૦૦ નાના-મોટા નગરોના સ્મશાનમાં જાગૃતિ કાર્યક્રમ આપી અંધશ્રદ્ધા દૂર કરવાના પ્રયત્નો થશે. મંગળવારે મહિકા ગામે પત્રિકા વિતરણનો પ્રારંભ થશે. રાજયકક્ષાના મહીકા ગામ સિવાય ૧૧૯૯ સ્મશાનમાં જાગૃતો કાર્યક્રમ યોજાશે.

જાથાએ ફેસબુક અને યુટયુબ ઉપર ઘર બેઠા કાર્યક્રમ જોવાની વ્યવસ્થા કરી છે. શનિવાર તા.૧૧ મી રાત્રીના નવ કલાકે મહીકા ગામના ધણ ચોકમાં ગ્રામજનો, જાગૃતો, વિજ્ઞાન પ્રેમીઓ, જાથાના શુભેચ્છકો એકઠા થઈ ત્યાં સૌ પ્રથમ મેલીવિદ્યાની નનામીને લાવી મહિલાઓ કાંધ આપશે તેની સાથે ભૂત-પ્રેતનું સરઘસ તેનો પહેરવેશ યુવાનો પહેરી ભય દૂર કરવા નાટકીય ધૂણીને મશાલ સરઘસ સાથે જોડાશે. દયાનંદ ચોકથી સ્મશાન સુધી જાગૃતિ બેનરો સાથે સ્મશાનમાં પહોંચશે ત્યાં મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ આપી તેનો ભય-કકડાટ કાયમી કાઢવામાં આવશે. નનામી ઉપર ચા બનાવી હાજર લોકોને ચુશ્કી મારવા આપવામાં આવશે. ભૂત-પ્રેતનો બિહામણો ચહેરો-ભયનો પર્દાફાશ કરવામાં આવશે. સ્ટેજ ઉપર જાગૃતિ કાર્યક્રમ આપી રાત્રીના સ્મશાનના ખાટલે ચાર ચોકમાંથી એકઠા કરેલા કુંડાળાના વડા તેમજ ગરમાગરમ પુડલા આરોગવામાં આવશે. મહીકા ગામના પૂર્વ સરપંચ બાબુભાઈ મોલીયાની આગેવાનીમાં ગ્રામ પંચાયતના તમામ કારોબારી સદસ્યો, ગામના જાગૃતોમાં મુકેશ ભવાનભાઈ, ભરતભાઈ રામજીભાઈ, સંદિપ પરસોતભાઈ, સંજય વેલજીભાઈ, ભીમજી હિરાભાઈ, છગન જીવાભાઈ, રસિક ખુંટ, ઉમેશ ગોહેલ, ઉમેશ વસાણી, ભરત ખુંટ, હિતેશ ગઢીયા, કિશોર માલવીયા, લખમણ મોલિયા, ચિરાગ મોલિયા, લલીત મોલિયા, પ્રવિણ ખુંટ, સરપંચ પાર્વતીબેન મોલિયા, વર્ષાબેન ખુંટ, પુનાભાઈ જાદવ તથા રમેશભાઈ રાઠોડ કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. જાથાના વિનોદ વામજા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ભોજાભાઈ ટોયટા, દિનેશ હુંબલ, નર્ભયિ જોશી, પ્રકાશ મનસુખભાઈ, હર્ષાબેન વકીલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહેલ અનેક કાર્યકરો પ્રયોગ નિદર્શનમાં જોડાવવાના, રાજયના જિલ્લા તાલુકા, ગ્રામ્ય મથકે જાથાને ટેકો આપવા ગામેગામ સ્મશાનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ જાગૃતિ કાર્યક્રમો આપવામાં આવશે. મહીકા ગામમાં કાર્યક્રમનું સંચાલન પૂર્વ સરપંચ બાબુભાઈ મોલીયા કરશે.

# ગોધારા ખાતે યોજાયેલ એનઆઈસી કેમ્પના ટીમ લીડર તરીકે ફરજ બજાવતા શ્રી શારદાપીઠ કોલેજના પ્રોફેસર




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી એન.એસ.એસ. ટીમ લઈને એન.આઈ.સી. કેમ્પ ગોધરા મુકામે દ્વારકાના શ્રી શારદાપીઠ કોલેજના પ્રોફેસર જગદીશ પી. ટાકોદરા ટીમનું નેતૃત્વ કરી અને તારીખ ૨-૧૧-૨૦૨૩ થી તારીખ ૮-૧૧-૨૦૧૩ એમ સાત દિવસના ગોધરા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિન્ઝોલ ગોધરા મુકામે એન.આઈ.સી(નેશનલ ઈન્ટિગ્રેટેડ કેમ્પ) ૨૦૨૩ (આદિવાસી અસ્મિતા પર્વ)કેમ્પના ટીમ લીડર તરીકે ફરજ બજાવી રહ્યા છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સ્વ. નલીનભાઈ પ્રાણલાલ પંચમીયા (શાહ) (ઉ.વ. ૮૧) તે મીનાબેનનાં પતિ, પુરવ તથા ઋષભનાં પિતા, મીરાબેનનાં સસરા, યુગનાં દાદાજી, દિનેશભાઈ, મહેશભાઈ, સ્વ. કિર્તીભાઈ, રંજનબેન, ગીતાબેનનાં ભાઈ તા. ૨-૧૧-૨૩ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસણું તા. ૩-૧૧-૨૩ શુક્રવારનાં રોજ સાંજે ૫ થી ૬, હાટકેશ્વર મહાદેવ મંદિર, જવાહર રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.


આદિત્યાણા : પોરબંદર (છાંયા)ના સ્વ.નેભાભાઈ કરશનભાઈ ઓડેદરા (ઉ.વ.૪૮)તે ગં.સ્વ.રાજીબેનના પતિ, ભાવિક, શિતલબેન અરભમ કુછડીયા, તેજલબેન રાકેશભાઈ ભુતિયા, કુ.દર્શનાબેનના પિતાશ્રી ભરતભાઈના ભાઈનું તા.૩૧-૧૦-૨૦૨૩ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઉત્તરક્રિયા તા.૧૦-૧૧-૨૦૨૩ને શુક્રવારના રોજ શ્રીજી પાર્ક સોસાયટી, છાંયા ખાતેના નિવાસ સ્થાને રાખેલ છે.

## માંગરોળ : ડમી પ્રેસ રીપોર્ટરના મામલે પોલીસ તપાસ

(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૩

માંગરોળમાં બે માસ પહેલા પોલીસના કોમ્બિંગ દરમ્યાન એક શખ્સના રહેણાંક મકાનમાંથી ડમી પ્રેસ રિપોર્ટરના આઈડી કાર્ડ મળી આવ્યા બાદ તપાસમાં આ ડમી કાર્ડ સુરતના પત્રકારે બે હજાર રૂપિયા લઈને આપ્યા હોવાનું ખુલ્યું છે. પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ગત ઓગસ્ટ માસમાં જૂનાગઢ એસ.પી. સહિતના પોલીસ કાફલાએ શહેર તેમજ બંદર વિસ્તારમાં વિશાળ કોમ્બિંગ હાથ ધર્યુ હતું. જેમાં મીઠીવાવ વિસ્તારમાં રહેતા મ.ઈલ્યાસ અલ્લારખા ઘમેરીયાના ઘરમાંથી સર્ચ દરમ્યાન ડમી પ્રેસ રિપોર્ટર તરીકેના આઈ કાર્ડ, જુદા જુદા ડમી સીમકાર્ડ મળી આવ્યા હતા. શંકાસ્પદ વસ્તુઓ મળી આવતા પોલીસે મ.ઈલ્યાસ વિરૂદ્ધ કલમ ૪૬૫, ૪૬૮ હેઠળ ગુનો નોંધી પીએસઆઈ એસ.એ.સોલંકીએ તપાસ હાથ ધરી હતી. જેમાં સુરતના રવિ રમેશ ઓઝા નામના શખ્સે મ.ઈલ્યાસને આ બોગસ પ્રેસકાર્ડ બે હજાર રૂપિયા લઈને આપ્યા હોવાનું ખુલતા પોલીસે તેની સુરતથી અટક કરી માંગરોળ લાવી જેલહવાલે કર્યો છે. આ પ્રકરણમાં અન્ય કોઈ શખ્સો સંડોવાયેલા છે કે કેમ ? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયાના શિરેશ્વર વિસ્તારમાં આવતીકાલે વીર માંગડાવાળો તથા સતી પદ્માવતીનું નાટક






(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર વિસ્તારમાં શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં આવતીકાલે શનિવારે જાણીતા ગૌરક્ષક વીર માંગડાવાળો તથા સતી પદ્માવતીના નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. માલદેભાઈ આહીર લેખિત તથા નિર્લોક પરમાર દિગ્દર્શિત આ નાટકમાં ભાણવડની પુરુષાર્થ વિદ્યા નિકેતનના છાત્રો કલાકાર તરીકે પોતાની ઉત્કૃષ્ટ કલા રજૂ કરશે. જેમાં જાણીતા કલાકાર લલિતા ઘોડાદ્રા તથા માલદે આહીર ગાયક તરીકે ભાગ ભજવશે. અહીં બહેનો માટે અલગ વ્યવસ્થા તથા લોકો નિહાળી શકે તે માટે મોટી સંખ્યામાં એલ.ઈ.ડી. સ્ક્રીનો પણ મૂકવામાં આવી છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજવામાં આવેલા આ જાહેર નાટકમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહેશે. આવતીકાલે શનિવારે રાત્રે ૯ વાગ્યે આ નાટકને નિહાળવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના લોકોને અપીલ કરવામાં આવી છે. અહીં યોજવામાં આવેલા વિશાળ આયોજન સ્થળ ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય દ્વારા ખાસ મુલાકાત લેવામાં આવી હતી.

# એશિયાટીક સિંહોના સંવર્ધન અને સુવિધાઓ માટે સાસણ સિંહસદન ખાતે 'પ્રોજેક્ટ લાયન' કમિટીની બેઠક યોજાઈ

## ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર સહિતના સ્થળે કોસ્ટલ બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન, ગ્રીન મોબિલિટી સહિત, ઈકો ટૂરિઝમની અપાર શક્યતાઓ ઉપર મંથન








જૂનાગઢ, તા.૩

ગીરના સિંહ રાજ્ય માટે કિંમતી જણસ છે જેનું સંવર્ધન અને રક્ષણ કરવું પણ અનિવાર્ય છે. ગીરના સિંહની ડણક હવે જંગલ વિસ્તારની બહાર પણ સંભળાય છે અને એટલા માટે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના નિર્દેશન અનુસાર સાસણ ગીર સિંહ સદન ખાતે 'પ્રોજેક્ટ લાયન' અંગેની કમિટી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એશિયાટીક સિંહોના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરવા ઉપરાંત જે નવા વિસ્તારોમાં સિંહે પોતાના નવા રહેઠાંણ બનાવ્યા છે તેવા વિસ્તારોને ઓળખી અને તે વિસ્તારમાં તેને અનુકૂળ પર્યાવરણ ઉભુ કરવા સુવિધાઓ વિકસાવાશે.

ગીર જંગલમાં સિંહોની વસ્તી વર્ષ ૨૦૧૫માં ૫૨૩ હતી. જે વર્ષ ૨૦૨૦માં પંચવર્ષીય ગણતરી મુજબ વધીને ૬૭૪ થઈ છે. જે રીતે આસામમાં પ્રોજેક્ટ એલીફન્ટ, બંગાળમાં પ્રોજેક્ટ ટાઈગર અને ઉત્તર ભારતના જંગલોમાં પ્રોજેક્ટ રાઈનોઝ અમલમાં છે તે રીતે સૌરાષ્ટ્રના ગીર જંગલમાં વિશ્વવિખ્યાત એશિયાટિક સિંહ ગીરના જંગલ વિસ્તારની બહાર પણ એશિયાઈ સિંહો વસવાટ કરે અને તેમનું સંવર્ધન અને સંરક્ષણ કરવું પણ જરૂરી બને એવા શુભહેતુસર પ્રોજેક્ટ લાયન તૈયાર કરવામાં આવ્યો છે.

સમગ્ર ગુજરાતની શાન સમા સિંહો આવાસની શોધમાં સતત વિસ્તારનો વધારો કરી રહ્યાં છે. જ્યાં હવે સાવરકુંડલા અને મોટા લિલિયા જેવા ક્ષેત્રમાં સિંહ દેખા દે છે. આ સિંહના સંરક્ષણ-સંવર્ધન સહિતની કામગીરી માટે આવતા ૧૦ વર્ષ સુધીમાં અંદાજીત ૨૯૨૭.૭૧ કરોડના ખર્ચે 'પ્રોજેક્ટ લાયન' અંતર્ગત સિંહોના સંવર્ધન માટે વિવિધ માળખાકિય સુવિધાઓ ઉપરાંત લાયન સેલ, વાઈલ્ડલાઈફ ડિસિઝ ડાયગ્નોસ્ટિક રિસર્ચ એન્ડ રેફરલ સેન્ટર, કેટલીકવાર સિંહો અકસ્માતે મૃત્યુ પામે છે તો આવી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સુરક્ષાનું માળખું વધુ સુદ્રઢ કરાશે.

ઉપરાંત નેશનલ સ્ટિયરિંગ કમિટી ચેરમેન ડો.એસ.પી.યાદવ દ્વારા શીર્ષ અધિકારીશ્રીઓને પ્રોજેક્ટ લાયન અંતર્ગત સિંહોને જે પ્રકારનો રહેણાંક વિસ્તાર પસંદ છે તે અનુસાર નિયમ મુજબ વન વિભાગના વિસ્તારનો વિકાસ, વન્યપ્રાણીઓના જળસ્રોત વગેરે ઉભા કરાશે તે અંગે જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત આસિ.ઈન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ ડો.ધીરજ મિત્તલ અને નાયબ વન સંરક્ષક મોહન રામ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી ઈકો ટૂરિઝમ, સ્થાનિક લોકો માટે રોજગાર, સ્થાનિક સંસ્કૃતિ, સંવર્ધન માટે 'સિંહ મિત્ર', વીડી મેનેજમેન્ટ, સિંહ સન્માન રાશિ, સર્વે કરી બાયપાસ બનાવવા, નોઈઝ પોલ્યુશન, લાઈટ પોલ્યુશન વગેરે જેવા મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી. પ્રોજેક્ટ લાયન હેઠળ અવેરનેસ અંતર્ગત માનવજીવન અને વન્યપ્રાણીઓ પૂરક બને તેમજ સિંહનું સંવર્ધન શા માટે જરૂરી છે તેની પણ વિવિધ સેમિનાર વડે લોકોને સમજ આપવામાં આવશે અને બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન, વાઈલ્ડલાઈફ હેલ્થ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત નાણાંકિય પ્લાનિંગ, ઈકો ટૂરિઝમ, ગ્રીન મોબિલિટી, એલિવેટેડ કોરિડોર સહિત અપાર શક્યતાઓને આકાર અપાશે.

અગ્ર મુખ્ય વનસંરક્ષક એન.શ્રીવાસ્તવના જણાવ્યાનુસાર, એશિયાટીક સિંહો સતત નવા નવા વિસ્તારમાં આવાસ શોધી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ કેન્દ્ર સરકાર પ્રોજેક્ટ લાયન- 'લાયનજ૨૦૪૭: અ વિઝન ફોર અમૃતકાલ' હેઠળ આ સિંહો માટે નવો રહેણાંક વિસ્તાર જ્યાં તેઓ વારંવાર દેખા દે છે તેમને પણ વધુ માળખાગત સુવિધાઓથી સજ્જ કરવા અને જળસ્રોત ઉભા કરવા અને કુદરતી વિસ્તાર સમાન રહેણાંક વિસ્તાર પસંદ કરવા વગેરે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમજ વિવિધ સ્થાનિક વિભાગો અને જનભાગીદારીથી જરૂરી પ્રક્રિયાઓ હાથ ધરી ગીર જંગલ સિવાયનો વિસ્તાર પણ સિંહોનો કાયદેસરનો વિસ્તાર બનશે. આ ઉપરાંત જૂનાગઢ વન્યપ્રાણી વર્તુળના મુખ્ય વન સંરક્ષક આરાધના સાહુએ હાલ સિંહના સંવર્ધન અંગે ચાલી રહેલી કામગીરી તેમજ સિંહના રહેઠાણના વિસ્તારો સહિત લાયન લેન્ડસ્કેપ, લાયન સફારી, ડિઝાસ્ટર સમયે વાઈલ્ડલાઈફ એક્ટિવિટી, ટ્રેકર્સ, વૉચટાવર્સ સહિતની સંબંધિત માહિતી આપી હતી. સિંહ સદન ખાતે યોજાયેલી પ્રોજેક્ટ લાયન અંતર્ગતની પહેલી મિટિંગમાં કે.રમેશ સહિતના વરિષ્ઠ વન અધિકારીશ્રીઓ, ટૂરિઝમ, **NHAI, R&B,** રેલવે, પીજીવીસીએલ, બાયસેગ, સિવિલ એવિએશન, એગ્રીકલ્ચર, પંચાયત, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ઈરિગેશન ડિપાર્ટમેન્ટ, રેવન્યૂ ડિપાર્ટમેન્ટ સહિતના સંકળાયેલ વિભાગોના શીર્ષ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કોડીનારના ઘાંટવડ ગામે કોમી એકતાનાં પ્રતિક સરકાર દાદાબાપુ કાદરીનો વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩



કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે સરકાર દાદાબાપુ કાદરી ફાતેમિ સાવરકુંડલા વાળા નો વ્યસન મુક્તિ તેમજ મુરિદ બનાવવા નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં સમગ્ર ઘાંટવડ ગામ આશરે ૩૦૦થી વધુ લોકોને સરકાર દાદાબાપુ કાદરી સાવરકુંડલા વાળાએ પ્યાલા પાઈને મૂરિદ બનાવ્યા હતા તેમજ ૫૦થી વધુ લોકોએ વ્યસનમુક્તિ કરવા નિર્ણય કર્યો હતો. પીર સૈયદ સરકાર દાદાબાપુ કાદરીના હાથે હિન્દુ અને મુસ્લિમ સહિત કુલ ૫૦ થી વધુ માણસો વ્યસનમુક્ત બનતા દાદાબાપુએ તમામ લોકોને શાલ ઓઢાડી દુવાઓ પાઠવી હતી. આ તકે સરકાર દાદાબાપુ એ લોકોને વિદેશી પ્રોડક્ટનો બહિષ્કાર કરી સ્વદેશી વસ્તુનો ઉપયોગ કરી દેશની ઈકોનોમિ મજબૂત કરવા હાકલ કરી હતી. સરકાર દાદા બાપુનું ઘાટવડ ગામમાં આગમન થતા તેમનું ધામધૂમ પૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું તથા બસ સ્ટેશનથી અલ મદીના મસ્જિદ સુધી જુલૂસ કાઢવામાં જેમાં જુલુસમાં હજારોની સંખ્યામાં હિન્દુ-મુસ્લિમ લોકો જોડાયા હતા સાથે નાત શરીફની સાથે બગીમાં સરકાર દાદા બાપુને લાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સહિદી યંગ કમિટી દ્વારા ખુબ જહેમત ઉઠાવી હતી અને આ પ્રોગ્રામ ને સફળ બનાવી ચાર ચાંદ લગાવ્યા હતા. બહારથી મહેમાન માં સાદત એ કીરામ સૈયદ જીલાનીબાપુ કાદરી, મોઈનબાપુ કાદરી, ફરજંદ અલીબાપુ કાદરી, દાદાબાપુ ટાવર બાપુ કાદરી, ગોરાબાપુ કાદરી સહિતનાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આમ ન્યાજનું આયોજન ઘાંટવડ ઘાંચી મુસ્લીમ સમાજ દ્વારા કરાયો હતો અને છેલ્લે સરકાર દાદા બાપુ કાદરી દ્વારા દુવાએ ખેર કરી દેશ અને દુનિયામાં કાયમી શાંતિ અને ભાઈચારો જળવાય રહે અને કોમી એકતા કાયમી માટે બની રહે તેવી દુવા કરવામાં આવી હતી.

## વેરાવળની દિકરીએ નેશનલ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩



વેરાવળની દિવ્યાબેન ઓઘડભાઈ ઝાલા એ બ્રોન્ઝ મેડલ ૩૭મી નેશનલ ગેમ્સ ગોવા ખાતે યોજાયેલ જેમાં ભાગ લઈ દિવ્યાબેનએ ફેન્સિંગ ટુર્નામેન્ટ ૨૦૨૩ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી હતી. આ સફળતા મેળવી દિવ્યાએ આહીર સમાજ, પરીવાર અને ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

# વંથલીની ઓઝત નદીમાં બેફામ ખનિજ ચોરી મુદ્દે ધારાસભ્યએ કરી સરકારમાં આક્રમક રજૂઆત

## વંથલી, સાંતલપુર, શાપુર, નાવડા, કણજા, કાજલીયાળા સહિતના નદી કાઠાનાં ગામોમાં ખનિજ માફીયાઓ બેફામ : ઓઝત નદી પર ડ્રોન કેમેરા થી સવાર થી સાંજ સુધી કવરેજ કરવા અને રોડ ઉપર સીસીટીવી મુકાવવા ધારાસભ્યએ કરી માંગ

(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૩

જૂનાગઢ જિલ્લાના ૭ તાલુકાઓ માટે જીવાદોરી સમાન ઓઝત નદીમાંથી કરવામાં આવતી રેતી ચોરી સામે ધારાસભ્યનો આક્રોશ ફાટી નીકળ્યો છે.વંથલી માણાવદરનાં ધારાસભ્ય અરવિંદ લાડાણીએ સરકારમાં કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે વંથલી, સાંતલપુર, શાપુર, નાવડા, કાજલીયાળા અને કણજા સહિત નદી કાઠાનાં ગામોમાં ખનિજ માફિયાઓએ બેફામ માઝા મૂકી હોવાનું જણાવી ઓઝત નદી ઉપર ડ્રોન કેમેરા મારફત સૂટીગ કરાવી ખનિજ માફિયાઓ સામે કડક પગલાં લેવા રજૂઆત કરી છે. અત્રે ઉલ્લેખનીય છેકે રેતી પાણીનો સંગ્રહ કરવા માટે ખૂબ જરૂરી છે.પૃથ્વીના પેટાળમાં પાણીનું સ્તર જાળવવા માટે રેતી ખૂબ મહત્વનો ભાગ ભજવે છે જો રેતી જ કાઢી લેવામાં આવે તો ખેતી ઉપર આધારિત નદી કાઠા નાં વિસ્તારોમાં સિંચાઈના પાણીની કાયમી અછત રહેશે તેમજ વંથલી શહેરને પાણી માટે કાયમી ધોરણે ઓઝત નદી ઉપર આધાર રાખવો પડે છે. વંથલી નગરપાલિકા પાસે પાણીનાં અન્ય કોઈ સ્રોતનાં હોય ઓઝત નદીનું પાણી જ એક માત્ર વિકલ્પ છે. પરંતુ વંથલીનાં નગરજનોની કરમની કઠણાઈ કે ખનિજ માફિયાઓના પાપે ડહોળુ અને પ્રદૂષિત પાણી વિતરણ કરવામાં આવતું હોવાનાં કારણે પાણીજન્ય રોગો પણ આ વિસ્તારમાં વધ્યા હોવાનું જણાઈ આવે છે.


ભૂતકાળમાં ઓઝત બચાવો આંદોલન પણ કરવામાં આવેલ હોવા છતાં ખાણખનીજ વિભાગ દ્વારા કોઈ નક્કર અને સચોટ કાર્યવાહી કરવામાં ન આવી હોય ફરી એક વખત વંથલી માણાવદર વિસ્તારના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ સરકારમાં ધારદાર રજૂઆત કરી જણાવ્યું છે કે ખનિજ માફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે પૂર્વ મંજૂરી વગર હોડકાઓ મારફત ખનિજ ખનન કરવામાં આવતું હોય પાણી પ્રદૂષિત બને છે જેને કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના રહે છે.ઓઝત નદીના કાંઠા નાં વિસ્તારોમાં ખેતરોનું જે ધોવાણ થઈ રહ્યું છે તે પણ રેતી ચોરીના કારણે થઈ રહ્યું હોય તે બાબતે પણ ગંભીરતા પૂર્વક વહીવટી તંત્ર એ લઈ ખેડૂતોનાં હિતમાં તાત્કાલિક રેતી ચોરી ડામવા માંગ કરી છે.

હાલ તો જોવું એ રહ્યું કે ખાણખનીજ વિભાગ, મામલતદાર, પોલીસ સહિતનું વહીવટી તંત્ર પરિણામ લક્ષી કાર્ય કરશે કે પછી ધારાસભ્યએ આપેલ ચીમકી અનુસાર લડતના મંડાણ થશે તે તો આવનાર સમય જ બતાવશે.


## ગુજરાત રાજયમાં આરોગ્ય ક્ષેત્રે જૂનાગઢ જીલ્લાની હરણફાળ

# જૂનાગઢ જીલ્લાનાં પીએસસી અને સીએસસીમાં ૪૭ હેલ્થ એટીએમ મુકવામાં આવ્યા

## છેવાડાનાં માનવી સુધી રાજય સરકારે આરોગ્યની સુવીધા પહોંચાડી, મોંઘા રીપોર્ટ થશે હવે નિઃશુલ્ક









જૂનાગઢ, તા.૩

રાજય સરકાર અને જૂનાગઢ જિલ્લા પંચાયતનાં પ્રયાસોથી છેવાડાનાં લોકો સુધી આરોગ્યની સુવિધા પહોચી છે. જૂનાગઢ જિલ્લાનાં ૯ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપર ૪૭ હેલ્થ એટીએમ મુકવામાં આવ્યાં છે. જૂનાગઢ જિલ્લામાં હેલ્થ એટીએમનો પ્રયોગ સફળ રહ્યો છે. આ હેલ્થ એટીએમમાં લોકોને હેલ્થનો લગતા રીપોર્ટ મિનિટોમાં મળે છે. હેલ્થને લગતા ૫૦ પ્રકારના રીપોર્ટ વિનામૂલ્યે થાય છે. તેમજ ૧૯ પ્રકારનાં બેઝીક પેરામીટરનાં ટેસ્ટ થાય છે.

આરોગ્ય વિભાગ દ્વારા રાજયમાં દરેક જગ્યાએ રાજયના છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે સતત કાર્યશીલ છે. જેના ભાગરૂપે જૂનાગઢ જિલ્લામાં વિવિધ પ્રકલ્પોની ગ્રાન્ટમાંથી ૯ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ૩૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એમ કુલ ૪૭ કેન્દ્ર ખાતે આ હેલ્થ એટીએમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ હેલ્થ એટીએમમાં જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની વિવેકાધીન ગ્રાન્ટ માંથી રૂા. ૧૩૨ લાખ અને રાષ્ટ્રીય પર્વની ગ્રાન્ટ માંથી રૂા.૪૦ લાખના ખર્ચે તૈયાર થયા છે.

આ હેલ્થ એટીએમ મશીન દ્વારા દર્દીના વિવિધ ૫૦ પ્રકારના હેલ્થને લગત ટેસ્ટ કે જેમાં ૧૯ પ્રકારના બેઝિક પેરામીટર ચેકઅપ જેમકે વજન, ઊંચાઈ, બીએમઆઈ, મસલ્સ માસ, બોડી ફેટ, બોન માસ, ટેમ્પરેચર, ઓક્સિજન લેવલ, પલ્સ રેટ, લોહીનું દબાણ વગેરે જેવા બેઝિક પેરામીટર ચેક થશે. તેમજ કેન્સર તથા હૃદય રોગનું રિસ્ક એસેસમેન્ટ ટેસ્ટ દ્વારા આ રોગોના સંભવિત જોખમની ચકાસણી પણ કરી શકાશે તે સિવાય ઈસીજી પણ કાઢી શકાશે. આંખને લગતા વિવિધ પાંચ પ્રકારના ટેસ્ટ કે જેમાં વિઝન ટેસ્ટ, કલર વિઝન ટેસ્ટ જેવા ટેસ્ટ કરી શકાશે. આ મશીનમાં આપવામાં આવેલ કેમેરા મારફત કાન અને નાકનો અંદરથી ફોટો, સ્કીન અને નખ ને લગતા ફોટો લઈ તપાસ તેમજ આ ફોટો નિષ્ણાંત તબીબને મોકલી જરૂરિયાત અનુસારની સારવાર માટેનું માર્ગદર્શન મેળવી શકાય છે.

આ ઉપરાંત આ હેલ્થ એટીએમ માં પેશાબના ૧૧ પ્રકારના ટેસ્ટ કોલેસ્ટ્રોલ, બ્લડ સુગર ટેસ્ટ તથા હિમોગ્લોબીન ટેસ્ટ પણ કરવામાં કરવામાં આવે છે. હેલ્થ એટીએમ અંગે જેતપુરના રહેવાસી ખુશીરામ કરમચંદ કાકવાણીએ તેનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, આ પ્રકારના હેલ્થ એટીએમ દરેક ગામે ગામમાં હોય તો છેવાડાના લોકો લાભ લઈ શકે,બધાને ફાયદો થાય. અને ખાનગી લેબોરેટરીમાં ખોટા ખર્ચ ન કરવા પડે.આ ઉપરાંત અન્ય લાભાર્થી ઈશ્વરલાલ ખત્રીએ પણ સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલા હેલ્થ એટીએમ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

પી એચ સી વડાલના લેબોરેટરી ટેકનીશયન જલ્પાબેન ભાલોડિયાએ જણાવ્યું હતું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડાલ હેઠળ ૧૨ ગામના દર્દીઓ ઉપરાંત રાજકોટ જિલ્લાની હદ ચોકી ગામથી સ્પર્શતી હોય અહીં અકાળા, પીપળીયા સહિતના ગ્રામજનો પણ લાભ લઈ રહ્યા છે . અહીં હેલ્થ એટીએમ ને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

**સંકલન – ક્રિષ્ના સીસોદિયા,માહિતી બ્યુરો જૂનાગઢ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતે આપેલ અહિંસાનો મહામંત્ર એજ વિશ્વ શાંતિનો સાચો માર્ગ

ગાઝા પ્રદેશમાં આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાઈલ ઉપર કરેલ હુમલા બાદ યુદ્ધની જે સ્થિતિ ઉભી થઈ છે, એના માટે સમગ્ર વિશ્વના નાગરિકોમાં ચિંતાનો માહોલ છે. ભારત પણ પાડોશી રાષ્ટ્રની આતંકવાદી પ્રવૃત્તિને ટેકો આપવાની નીતિથી પરેશાન છે, ભારત પાડોશી રાષ્ટ્ર સાથે યુદ્ધ પણ કરી ચૂક્યું છે. ત્યારે આજે ફરી એક વખત ભારતે આપેલ અહિંસાના મહામંત્ર સાથે જ વિશ્વ શાંતિના માર્ગ ઉપર આગળ વધી શકાય છે તેમ સમગ્ર વિશ્વ અનુભવે છે. જગતના રાજનીતિજ્ઞો વિશ્વ શાંતિ માટે ઈચ્છુક હોય એ બધા ટોચથી નીચે જવાની યોજનાઓ ઉપર વિચાર કરે છે. જયારે ભારતના અહીંસાના નિયમો પાયાથી શરૂ કરી તે ઉપર ચણતર કરવાનું કામ કર્યું છે. આદર્શ સમાજ વ્યવસ્થા માટે દુનિયામાં અનેક મહાપુરૂષો અને ચિંતકોએ મથામણ કરી છે. એ માટે જુદી જુદી પધ્ધતિઓ, ઉકેલો અને ઉપાયો પણ એમના દ્વારા મુકવામાં આવ્યા છે. આપણું એ સદનસીબ છે કે આપણી પાસે મહાત્મા ગાંધી જેવી પ્રચંડ પ્રતિભા છે જેમણે તમામ સમસ્યાઓ ઉપર મૌલિક ચિંતન કરી એના ઉકેલની દિશા આપી છે. અને એ મૂળ ગાંધી વિચારધારાના પાયામાં ગામડાનો ઉત્કર્ષ એ મુખ્ય બાબત છે. દેશનો આત્મા ખેડૂત કે ગ્રામ્ય કારીગર છે. આત્મનિર્ભર ગામ થકી જ દેશ સાચા અર્થમાં સ્વરાજની અનુભૂતિ કરી શકશે.

મહાત્મા ગાંધીએ ગામડાના અર્થતંત્ર અને વ્યકિતના ગૌરવ વિશે જે લેખો લખ્યા છે, જેમાં ઊંડું ચિંતન અનુભવાય છે. એની પાછળનો એમનો આશય દેશનો સામાન્ય નાગરિક પણ ગૌરવપૂર્ણ રીતે જીવી શકે અને આઝાદીનો સાચા અર્થમાં અહેસાસ કરી શકે એ જણાય છે. દરેક ગામનું પોતાનું એક આગવું બંધારણ અને સામાજિક સહભાગીતાની સાથે દરેકને માટે કોઈને કોઈ કામ હુન્નર કે વ્યવસાય નકકી કરવા સાથે શ્રમનો મહિમા રહ્યો છે. માણસ એના ધંધા રોજગાર કે સંપત્તિથી નહીં પણ એનાં ઉચ્ચ મૂલ્યો અને સંસ્કાર થકી ઉચ્ચતમ ઓળખ પામી શકે છે.

આજે ટેકનોલોજિકલ ઉપલબ્ધિઓને કારણે ખેતી અને પશુપાલન જેવા ગામડાઓને ભરપુર રોજગારી આપતા વ્યવસાયોને બદલે ઉદ્યોગો અને કારખાનાઓને પ્રાધાન્ય આપવા માંડયું. એમાં વિદેશોનું અનુકરણ અને દેખાદેખી જ મુખ્ય છે. આ દોડમાં આપણે આડેધડ ઔદ્યોગીકરણ કરતા રહ્યા અને એ રીતે ગામડાઓની જગ્યાએ મોટાં મોટાં શહેરો અસ્તિત્વમાં આવવા માંડયાં છે, જે શહેરીકરણ થકી દેશની કરોડરજ્જુ સમાન ગામડાઓ તૂટતાં જાય છે અને જાણેઅજાણે એક પરાવલંબી સમાજરચના ઉભી થયાનો અફસોસ પણ આજે જાણે કોઈ ને જ નથી. ખેતી અને પશુપાલન જે રીતે માણસને આનંદ સાથે રોટલો રળવાની ઘરઆંગણે તક આપી શકે એવી શક્યતા ફેક્ટરીઓનાં પ્રદૂષણ અને શહેરી ઘોંઘાટ અને ગીચતા ના જ આપી શકે એ સ્વાભાવિક છે. આમછતાં આધુનિક ઉદ્યોગીકરણ વિશે આપણા વિચારો જૂનાપુરાણા હોવાનું માનવું પણ ભૂલભરેલું છે. ગામડું એ દેશ માટે પાયાનો એકમ છે એની ઉપર જ આખા દેશની ઈમારત અડીખમ રીતે ઉભી કરી શકાય એ વારંવાર સ્પષ્ટ થયેલ બાબત છે. સ્વરાજ એટલે વ્યકિતનું આત્મગૌરવ. ગ્રામ ઉદ્યોગના કામનો પ્રારંભ પોતાની જાતથી આરંભ કરવાથી હોય છે. પોતાની જાતથી શરૂઆત કરનાર જ આ વિચારોને સમજી શકશે. કોઈપણ દેશની પ્રગતિનો આધાર એ કેવળ એના ભૌતિક માપદંડો કે સિધ્ધિઓ ના હોઈ શકે પરંતું જે સમાજ નૈતિક મૂલ્યો અને માણસ સહિત સમગ્ર જીવસૃષ્ટિ સાથે સહકારથી જીવવાની સિધ્ધિ મેળવી શકે એ જ સાચો વિકાસ ગણી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શ્રધ્ધા અને વિશ્વાસના સંયોગ દ્વારા મનમાં પ્રસન્નતાનો જન્મ થાય છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૬, તા.૩ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૮, પુનર્વસુ નક્ષત્ર, સિધ્ધ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૫૮, સૂ.અ.૬:૧૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), રાત્રે ૧:૨૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યનું કાર્ય લંબાણમાં પડી જાય. સ્વજનોથી મનદુઃખ રહે.
વૃષભ:પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. ગુપ્ત યોજના પાર પાડી શકશો.
મિથુન:નાણાંકીય લેવડ-દેવડમાં સાવચેત રહેવું. વડીલવર્ગ દ્વારા વડીલની મદદ મળી રહે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. મનમાં અકારણ ચિંતા અનુભવાય.
સિંહ: આત્મવિશ્વામાં વધારો થાય. નાણાંકીય સમસ્યા ઉકેલાય.
કન્યા: આવકમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
તુલા: પ્રિયજન દ્વારા લાભ મેળવી શકશો. નાણાંકીય વ્યવહાર સચવાઈ જાય.
વૃશ્ચિક:મનની ચિંતા દૂર થાય. નવિન શુભ સમાચાર મળે.
ધન: ભાગીદારીથી લાભ થાય. ખોટી ઉતાવળ ન કરવી હિતાવહ.
મકર: દિવસ દરમિયાન ઉત્સાહ અનુભવાય. સંતાન દ્વારા લાભ થાય.
કુંભ: મનની ઈચ્છા પૂરી થાય. નાનો ખર્ચનો પ્રસંગ બને.
મીન: વાદ-વિવાદ ટાળવું હિતાવહ. આવક-જાવક સરભર રહે.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો રોડ શો કોલકાતામાં સંપન્ન

## ગુજરાત સરકારના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કાર્યક્રમમાં સંબોધન કરી કોલકાતામાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે વાતચીત કરી અને તેમને ગુજરાતમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું

નવી દિલ્હી તા. ૩

વાઈબ્રન્ટ ગુજરાતની ૧૦મી આવૃત્તિ માટે નવી દિલ્હીમાં યોજાયેલા કર્ટન રેઝર અને મુંબઈ, ચંદીગઢ અને જાપાનમાં સફળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોડ શૉ બાદ, વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ના પ્રતિનિધિમંડળે આજે કોલકાતા રોડ શૉનું સફળતાપૂર્વક સમાપન કર્યું હતું. ગુજરાત સરકારના ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, રમતગમત યુવા અને સંસ્કૃતિક બાબતોના રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ રોડ શૉમાં ગુજરાત સરકારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના અધિકારીઓ સહિત ઉદ્યોગ જગતની પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. રોડ શૉ પહેલા, ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગ જગતના વિવિધ મહાનુભાવો સાથે વન ટુ વન બેઠક કરી હતી. જેમાં વેસુવિયસ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નીતિન જૈન, એકસાઈડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના લિગલ એન્ડ કોર્પોરેટ અફેર્સના પ્રેસિડેન્ટ અને કંપની સેક્રેટરી શ્રી જિતેન્દ્ર કુમાર, મૉલકોમ ઈન્ડિયા લિ.ના ડિરેક્ટર શ્રી ગિરિરાજ માલ, ટીટાગઢના ડિરેક્ટર શ્રી પ્રિતિશ ચૌધરી, પર્પલ માઈક્રોપોર્ટ સાયન્ટિફિક ઈન્ડિયા પ્રા. લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ અને ડેપ્યુટી સીઈઓ શ્રી દિનેશ અરોરા, બર્જર પેઈન્ટ્સ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ અને પ્રોડક્શન, મેન્યુફેક્ચરિંગ અને એન્જિનિયરિંગના ગ્રુપ હેડ શ્રી રાજેશ તિવારી, હૈમ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિ.ના સ્થ્ઠ શ્રી એ. મુખોપાધ્યાય, આઈએફબી ઈન્ડસ્ટ્રીઝના સીએફઓ શ્રી આર. ચૌધરી, શ્યામ મેટલિક્સ એન્ડ એનર્જી લિમિટેડના ઝઈ શ્રી દીપક ગોયલ, સેનકો ગોલ્ડ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર શ્રી સુવંકર સેન, એટમોસ્ફિયરના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ. મોહાપાત્રાનો સમાવેશ થાય છે.

આ બેઠકો દરમ્યાન, તેમણે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતા અંગે વાત કરી હતી અને છેલ્લા બે દાયકામાં ગુજરાત કેવી રીતે વિકાસ માટે રોલ મોડેલ અને પસંદગીનું રોકાણ સ્થળ બન્યું છે તેના પર ભાર મૂક્યો હતો. તેમણે ગુજરાતના નીતિ-આધારિત અભિગમને રાજ્યમાં રોકાણ માટેના આકર્ષણનું શ્રેય આપતાં ૨૦૦૨ અને ૨૦૨૨ ની વચ્ચે ૫૫ બિલિયનની ગુજરાતની સંચિત એફડીઆઈ અંગે પણ વાત કરી હતી. સાથે ગુજરાતની વિવિધ પોલિસીઓ જેમકે ગુજરાત રિન્યુએબલ પોલિસી ૨૦૨૩,આત્મનિર્ભર ગુજરાત સ્કિમ ૨૦૨૨, ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ અને લોજિસ્ટિક્સ પાર્ક પોલિસી ૨૦૨૧, ઈલેક્ટ્રિકલ વ્હીકલ પોલિસી ૨૦૨૧,

ટુરીઝમ પોલિસી અને ટેક્સટાઈલ પોલિસી અંગે વાત કરી હતી. વધુમાં, તેમણે ભારતની નિકાસમાં ગુજરાતના નોંધપાત્ર યોગદાન તરફ ધ્યાન દોર્યું, જેમાં ૨૦૨૨-૨૩માં ૩૩% થી વધુ નિકાસ રાજ્યમાંથી થઈ હતી. રાજ્યનો વ્યાપક દરિયાકિનારો, ભારતના ૪૦% કાર્ગોનું સંચાલન કરે છે. સાથે ૮૪ લાખથી વધુ લોકોને રોજગારી આપતા ૧૪.૬ લાખથી વધુ નોંધાયેલા સ્જીસ્ઈજ ગુજરાતની આર્થિક ક્ષમતા દર્શાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુજરાતના બે જિલ્લાઓ, અમદાવાદ અને સુરત, સૌથી વધુ ઉદ્યોગ નોંધણી માટે ભારતના ટોચના દસ જિલ્લાઓમાં સ્થાન ધરાવે છે, અને રાજ્યમાં ૭,૩૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ છે, જે ડ્ઢઁૈં્ દ્વારા માન્યતા પ્રાપ્ત છે, જે ૨૧૦ ઈક્યુબેટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓના નેટવર્ક દ્વારા સમર્થિત છે. શ્રી હર્ષ સંઘવીએ સંબોધન કરતા ગુજરાતના ઔદ્યોગિક વિકાસ પર પ્રકાશ પાડ્યો હતો, ખાસ કરીને ગિફ્ટ સિટી, ધોલેરા અને માંડલ-બેચરાજી જેવા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન તેમજ પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ ઝોન, ડ્રીમ સિટી, સાણંદ મેન્યુફેક્ચરિંગ હબ, લોજિસ્ટિક્સ પાર્ક, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર અને મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ અંગે વાત કરી હતી.

વધુમાં, તેમણે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને આગળ વધારવા માટે રાજ્યની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ''ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસીનો અમલ કરનાર દેશના પ્રથમ રાજ્ય તરીકે ઊભું છે.

જેનો હેતુ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ મેન્યુફેક્ચરિંગ માટે ભારતના પસંદગીના સ્થાન તરીકે સ્થાપિત કરવાનો છે. ઉલ્લેખનીય છે કે, સેમિકન્ડક્ટર સેક્ટરમાં ભારતના અગ્રણી રોકાણકાર માઈક્રોને ગુજરાતમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટનું બાંધકામ શરૂ કર્યું છે.'' તેમણે એમ કહીને સમાપન કર્યું કે, "હું માનું છું કે ગુજરાતની ઔદ્યોગિક માળખાકીય સુવિધા, સાનુકૂળ નીતિઓ અને ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ અભિગમ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને આપણા દેશ માટે ફાયદાકારક રહેશે." ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગ, રમતગમત યુવા અને સાંસ્કૃતિક બાબતોના રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આગામી વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે સૌને આમંત્રણ પાઠવ્યું હતું અને ગુજરાતમાં રોકાણ અને દેશની વિકાસ યાત્રામાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કર્યા હતા.

વધુમાં, ગુજરાત સરકારના અધિક ઉદ્યોગ કમિશનર ડૉ. કુલદીપ આર્યએ ગુજરાતમાં ઉપલબ્ધ અસંખ્ય બિઝનેસની તકો વિશે વિસ્તૃત રજૂઆત કરી હતી. રોડ શૉ દરમિયાન, યોટ્ટા ડેટા સર્વિસ પ્રા. લિ. ના સહ-સ્થાપક, મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સુનીલ ગુપ્તા, હિંદુસ્તાન કોકા-કોલાના ચીફ પબ્લિક અફેર્સ, કોમ્યુનિકેશન એન્ડ સસ્ટેનેબિલિટી ઓફિસર શ્રી હિમાંશુ પ્રિયદર્શી અને વેદાંતા ડિસ્પ્લેય્ઝના ચેરમેન, પોલિસી એન્ડ સ્ટ્રેટેજી, શ્રી સુનીલ દુગ્ગલે પણ કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. રૂપા એન્ડ કંપનીના પ્રેસિડેન્ટ, નિયો મેટાલિક્સ લિમિટેડના ડિરેક્ટર અને એસોચેમ ઈસ્ટર્ન રિજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રવિ અગ્રવાલ દ્વારા આભારવિધિ સાથે આ રોડ શોનું સમાપન થયું હતું.


# ભારતમાં સૌપ્રથમ વખત પાંચ દિવસના જન્મજાત બાળકના અંગોનું દાન કરી અન્ય બાળકના જીવનમાં નવ ઉજાસ ભરવામાં આવ્યો



સુરત,તા.૩

સમગ્ર ભારતમાં સૌપ્રથમ વખત સુરતમાં માત્ર પાંચ દિવસના જન્મજાત બાળકના અંગોનું દાન કરી અન્ય બાળકના જીવનમાં નવ ઉજાસ ભરવામાં આવ્યો છે. સુરતના સંઘાણી પરિવાર દ્વારા કઠિન સમયે લેવામાં આવેલા નિર્ણયને ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે બિરદાવ્યો છે. જે પ્રસંગે આજ રોજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ દ્વારા સંઘાણી પરિવારની મુલાકાત લઈ તેમના આ નિર્ણયની સરાહના કરવામાં આવી છે. સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા વાલક પાટીયા નજીક ગીતાંજલી રો - હાઉસમાં રહેતા હર્ષ સંઘાણીના ઘરે બાળકે જન્મ લેતા પરિવારમાં હર્ષની લાગણી જ વ્યાપી ગઈ હતી. ૧૬મી ઓક્ટોબરના રોજ જન્મેલ આ બાળક કોઈ હલનચલન ન કરી શકતા ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યું હતું. જે બાદ સુરતના વરાછા ખાતે આવેલી પી. પી. સવાણી હોસ્પિટલમાં આ બાળકને વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યું હતું. બાળકના જન્મને લઈને શરૂઆતમાં પરિવારજનોના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ, જયારે હોસ્પિટલના તબીબો દ્વારા બાળકના તમામ રિપોર્ટ કાઢી જાહેર કરાતાં પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા હતા. આજે સુરતમાં હર્ષભાઈ અને ચેતનાબેન સંઘાણીને મળ્યો ત્યારે આંખો સ્હેજ ભીની થઈ ગઈ. આ પરિવારે એમનાં પાંચ જ દિવસનાં દિકરાનું અંગદાન કરી સેવાનાં અર્થને વધારે મજબૂત બનાવ્યો છે. આજે આ પરિવારને રૂબરૂ મળી વંદન કર્યા. એ નાનકડાં દિકરાને શ્રદ્ધાંજલિ પાઠવી. બાળક આ ધરતી પર આવે તે પહેલા જ જાહેર કરાતા પરિવારજનોની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ હતી. હીરા ઉદ્યોગમાં રત્નકલાકાર તરીકે કામ કરતા હર્ષ સંઘાણીની પત્ની ચેતના સંઘાણીએ બાળકને જન્મ આપતા પરિવારની ખુશીનો પાર રહ્યો ન હતો. પરંતુ પાંચ જ દિવસની અંદર જ બાળકને બ્રેઈન્ડેડ જાહેર કરાતા પરિવારજનોએ અંતે બાળકના અંગદાનનો નિર્ણય કર્યો હતો. બાળક પરિવાર વચ્ચે તો રહ્યું ન હતું પરંતુ બાળકના અંગોનું દાન કરી અન્યને નવજીવન આપી શકાય તે માટેનો કઠિન નિર્ણય આ પરિવારે કર્યો હતો. જે બાદ જન્મજાત બાળકના બે કિડની, લીવર બરોળ અને ચક્ષુઓનું દાન કરી અન્ય છ જેટલા બાળકોના જીવનમાં નવ ઉજાસ ભરવામાં આવ્યો હતો. સંઘાણી પરિવારે હૃદય પર પથ્થર મૂકી લીધેલા આ નિર્ણયની ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે સરાહના કરી છે. પરિવારના સમાજ હિતના આ નિર્ણયને આવકારતા ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે આજરોજ સંઘાણી પરિવારના નિવાસસ્થાન ખાતે મુલાકાત કરી હતી. જ્યાં બ્રેઈન્ડેડ બાળકના માતા-પિતા અને પરિવારના સભ્યોની મુલાકાત ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે કરી હતી. આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષને જણાવ્યું હતું કે, સંઘાણી પરિવાર એ માત્ર પાંચ દિવસના જન્મજાત બ્રેઈન્ડેડ બાળકના અંગોનું દાન ખૂબ જ મક્કમતાપૂર્વકનો નિર્ણય લઈ કર્યું છે. બાળક બ્રેઈન્ડેડ જાહેર થયું છતાં પૃથ્વી પર રહેલા બાળકના અંગોનું દાન કરવાનો નિર્ણય સંઘાણી પરિવારએ કર્યો હતો. બાળકના અંગોનું દાન કરી પરિવારે સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, બાળક આ પૃથ્વી પર માત્ર પાંચ લોકોને નવજીવન આપવા માટે જ આવ્યું હતું. બાળકનું અંગદાન કરી આજે પણ તેમનું બાળક તેમના વચ્ચે છે તેવી ભાવના પરિવારે વ્યક્ત કરી છે. આ પરિવારને મારા વંદન છે.

# ધનતેરસના દિવસે સોનું ખરીદવાનો શુભ સમય ૧૧ નવેમ્બરે બપોરે ૧૨:૩૫ થી બીજા દિવસે સવારે ૬:૪૦ સુધીનો



## ૧૦ નવેમ્બરે ધનતેરસના રોજ ગણેશ, કુબેર અને લક્ષ્મી પૂજાનો શુભ સમય સાંજે ૫:૪૭ વાગ્યાથી શરૂ થશે

અમદાવાદ,તા. ૩

દિવાળીનો તહેવાર ધનતેરસથી શરૂ થાય છે. દર વર્ષે કારતક મહિનાના કૃષ્ણ પક્ષની ત્રયોદશી તિથિએ ધનતેરસ ઉજવવામાં આવે છે, તેને ધન ત્રયોદશી પણ કહેવામાં આવે છે. ત્રયોદશીના દિવસે પ્રદોષ વ્રત પણ રાખવામાં આવે છે. ધનતેરસના દિવસે લોકો સોનું, ચાંદી, આભૂષણો, ઘર, વાહન વગેરે ખરીદે છે. ધનતેરસના દિવસે દેવી લક્ષ્મી અને ભગવાન કુબેરની પૂજા કરવામાં આવે છે, જેથી આખા વર્ષ દરમિયાન કોઈ આર્થિક તંગી ન આવે અને આર્થિક સ્થિતિ મજબૂત બને. વૈદિક કેલેન્ડર અનુસાર, આ વર્ષે કારતક કૃષ્ણ ત્રયોદશી તિથિ ૧૦ નવેમ્બરે બપોરે ૧૨:૩૫ વાગ્યે શરૂ થઈ રહી છે. આ તારીખ ૧૧ નવેમ્બરે બપોરે ૦૧:૫૭ વાગ્યા સુધી માન્ય છે. આવી સ્થિતિમાં, પ્રદોષ કાલ ૧૦ નવેમ્બરે પ્રાપ્ત થઈ રહ્યો છે, તેથી આ વર્ષે ૧૦ નવેમ્બર, શુક્રવારના રોજ ધનતેરસ છે. ૧૦ નવેમ્બરે ધનતેરસના રોજ ગણેશ, કુબેર અને લક્ષ્મી પૂજાનો શુભ સમય સાંજે ૦૫:૪૭ વાગ્યાથી શરૂ થશે અને આ શુભ સમય સાંજે ૦૭:૪૭ સુધી રહેશે. આ વખતે તમને ધનતેરસ પૂજા માટે ૧ કલાક ૫૬ મિનિટનો શુભ સમય મળશે. આ દિવસે જ યમ દીપમ પણ થશે. પ્રદોષ કાલ ધનતેરસના રોજ સાંજે ૦૫:૩૦ વાગ્યાથી શરૂ થઈ રહ્યો છે, જે રાત્રે ૦૮:૦૮ સુધી ચાલશે. જ્યારે વૃષભનો સમયગાળો સાંજે ૦૫:૪૭ થી ૦૭:૪૩ સુધીનો રહેશે. તમને ધનતેરસના દિવસે સોનું ખરીદવા માટે ૧૮ કલાક ૦૫ મિનિટનો શુભ સમય મળશે. ધનતેરસ પર સોનું ખરીદવાનો સમય ૧૧ નવેમ્બરે બપોરે ૧૨:૩૫ થી બીજા દિવસે સવારે ૦૬:૪૦ સુધીનો છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર ધનતેરસના દિવસે સોનું, પિત્તળના વાસણો વગેરે ખરીદવાથી દેવી લક્ષ્મીની કૃપા પ્રાપ્ત થાય છે. દેવતાઓના વૈદ્ય ધન્વંતરિનો જન્મ ધનતેરસના દિવસે થયો હતો, તેથી તે દિવસે ધન્વંતરી જયંતિ પણ ઉજવવામાં આવે છે. તેમના આશીર્વાદથી વ્યક્તિને સ્વાસ્થ્યનું વરદાન મળે છે.

# મધ્યાહ્ન ભોજન કર્મચારીઓ દિવાળી બાદ રાજ્ય સરકાર સામે લડી લેવાના મૂડમાં




ગાંધીનગર,તા.૩

રાજ્યભરમાં ફરી એકવાર આંદોલનનો દોર શરૂ થઈ શકે છે. દિવાળી બાદ મધ્યાહન ભોજનના કર્મચારીઓ પણ રાજ્ય સરકાર સામે લડી લેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. મધ્યાહન ભોજનના કર્મચારીઓ પોતાના માનદ વેતનમાં વધારા માટે દિવાળી બાદ આંદોલન કરે તેવા એંધાણ જોવા મળી રહ્યા છે. ઓલ ગુજરાત મધ્યાહન ભોજનની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. દિવાળી વેકેશન બાદ રાજ્ય સરકાર સામે કપરાં ચઢાણ જોવા મળી રહ્યા છે, કારણ કે રાજ્યમાં વધુ એક આંદોલન જોવા મળી શકે છે. મધ્યાહ્ન ભોજન કર્મચારીઓ દિવાળી બાદ લડી લેવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. કર્મચારીઓ દિવાળી બાદ પોતાના માનદ વેતનમાં વધારાને લઈ આંદોલન કરશે. આજે ઓલ ગુજરાત મધ્યાહ્ન ભોજન કર્મચારી મંડળની એક બેઠક મળી હતી. મધ્યાહ્ન ભોજન કર્મચારી મંડળના ૧૯ જિલ્લાના આગેવાનો હાજર રહ્યા હતા અને મધ્યાહન ભોજન યોજનાના પડતર પ્રશ્નોને લઈને બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ મધ્યાહન ભોજન કર્મચારીઓની રજૂઆત કરી હતી કે તેમના પ્રશ્નનો વહેલામાં વહેલી તકે સરકાર ઉકેલ લાવે, કેમ કે છેલ્લા ત્રણ મહિનાથી તેમની પારાવાર મુશ્કેલીઓના સામનો કરવો પડતો હતો. આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના સાથે સંકળાયેલા ૯૬ હજાર જેટલા કર્મચારીઓને વેતનને લઈને પણ મુશ્કેલીઓ નડી રહી છે, તેઓનું કહેવું છે કે, સમયસર વેતન પણ ચૂકવાતું નથી.

### આજના યુગમાં પર્સનલ ડેટાને સોના જેવા કિંમતી ગણવામાં આવે છે ત્યારે

# ડાર્ક નેટ ઉપર ૮૧.૫ કરોડ ભારતીયોનો આધાર,પાર્સપોર્ટ ડેટા લિક

## નામ, ફોન નંબર, એડ્રેસ, સહિતની કરોડો ભારતીયોની વિગતો વેચાણ માટે ઉપલબ્ધ

નવી દિલ્હી, તા.૩

આજના આ આધુનિક સમયમાં પર્સનલ ડેટા સોના કરતા પણ વધુ કિંમતી માનવામાં આવે છે. એવામાં અમેરિકાએ રજૂ કરેલ એક અહેવાલ ભારત માટે ચિંતાજનક છે. અમેરિકાના એક સાયબર સુરક્ષા ફર્મએ એવો દાવો કર્યો છે કે, લગભગ ૮૧.૫ કરોડ ભારતીયોનો પર્સનલ ડેટા ડાર્ક વેબ ઉપર લીક થયો છે. એવો દાવો કરવામાં આવે છે કે આ ડેટા નામ, ફોન નંબર, એડ્રેસ, આધાર કાર્ડ અને પાસપોર્ટની જાણકારી સહિત ડેટાની ઓનલાઈન વહેંચણી માટે લીક કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર, ડાર્ક વેબની આડીદ્વારા એક વ્યક્તિએ બ્રીચ ફર્મ ઉપર એક થ્રેડ પોસ્ટ રજૂ કરી ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર અને પાસપોર્ટના ડેટાને વહેંચવાની ઓફર કરી હતી. આ અહેવાલમાં તો એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, હન્ટર (હ્યુમિન્ટ) યુનિટના તપાસકર્તાઓએ ધમકી આપનાર વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હતો. જેમાં માહિતી સામે આવી છે કે, ભારતીય આધાર કાર્ડ અને પાસપોર્ટના ડેટાબેઝને ૮૦,૦૦૦ ડોલરમાં વેચાયો છે.

સુત્રો ઉપરથી મળતી માહિતી અનુસાર, હાલ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા આ હેકરની શોધ ચાલી રહી છે. અમૂક એવા અહેવાલો સામે આવ્યા છે કે, લીક થયેલ ડેટાબેઝ આઈસીએમઆરસાથે સંબંધિત હોઈ શકે છે. એક ટ્વીટર યુઝરે તો એવો પણ દાવો કર્યો કે, એક અજાણ હેકર દ્વારા ૮૦ કરોડથી વધુ ભારતીયોના કોવીડ-૧૯ના ડેટાબેઝને લીક કર્યો છે. આ ભારતમાં સૌથી મોટો ડેટા લીક થયાનો મામલો છે. લીક થયેલા




ડેટામાં નામ, પિતાનું નામ, ફોન નંબર, પાસપોર્ટ નંબર, આધાર નંબર, વ્યકિતની ઉંમરની સમાવેશ થાય છે. મળેલ વધુ વિગતો મુજબ ડાર્કનેટ પર ૮૧.૫ કરોડથી વધુ લોકોનો વ્યક્તિગત ડેટા વેચાણ માટે મૂકવામાં આવ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) પાસેથી કથિત રીતે આ ડેટા લેવામાં આવ્યો હતો. હૈદરાબાદ સ્થિત એક વ્યક્તિ સહિત અનેક વ્યક્તિઓની વિગતો લીક થઈ હતી અને આ ડેટા સેમ્પલમાં નામ, ઉંમર, પિતાનું નામ, ફોન નંબર, પાસપોર્ટ નંબર, આધાર નંબર અને સંપૂર્ણ સરનામું પણ દર્શાવવામાં આવ્યું હતું.

ઓકટોબર ૯ના રોજ, 'pwn0001' વપરાશકર્તા નામ ધરાવતી વ્યકિતએ વિસ્તૃત ડેટાબેઝની એક્સેસ ઓફર કરતી ફોરમ્સ ઉપર એક થ્રેડ પોસ્ટ કર્યો હતો. આ લીક શરૂઆતમાં યુએસ સ્થિત સાયબર સિક્યુરિટી ફર્મ, રિસિક્યોરિટી દ્વારા શોધી કાઢવામાં આવી હતી. આ ડેટા સેટમાં pwn0001 કરતાં પણ વધુ વ્યાપક PII ડેટાનો સમાવેશ થાય છે. તેમાં આધાર આઈડી ઉપરાંત, લ્યુસિયસના લીકમાં મતદાર આઈડી અને ડ્રાઈવિંગ લાયસન્સ રેકોર્ડ્સ પણ હતા.

લુસિયસના જણાવ્યા અનુસાર, ૮૫% ભારતીયોનો વ્યક્તિગત ડેટા - ફોન નંબર, ઓળખ દસ્તાવેજો અને સરનામાં સહિત વેચાણ માટે આ ડેટાસેટમાં ઉપલબ્ધ છે. આ ડેટાનો ઉપયોગ માઈક્રો-લક્ષ્ય માટે મતદારોને પ્રભાવિત કરવા માટે કરી શકાય છે. બ્રુકિંગ્સના રિપોર્ટ, જે માનવીય બાબતો માટે શાંતિપૂર્ણ અવકાશ પ્રવૃત્તિઓની અસરોનો અભ્યાસ કરે છે, તે ચૂંટણીના પરિણામોમાં છેડછાડ કરવાની અને પહેલાથી વિભાજિત સમાજને વધુ ધ્રુવીકરણ કરવાની સંભાવના સાથે આવા લીકને કારણે છેતરપિંડી અને રાજકીય માઈક્રોટાર્ગેટિંગના વધતા જોખમને પ્રકાશિત કરે છે. તે કહે છે કે, જો મતદારોની અંગત માહિતી મળે તો રાજકીય પક્ષો માટે મતદારોને નિશાન બનાવવાનું સરળ બની જાય છે. નામોનો ઉપયોગ તેમના સમુદાય અને જાતિના આધારે તેમને લક્ષ્ય બનાવવા માટે કરી શકાય છે. જો લીક થયેલો ડેટા વધુ વિગતવાર હોય, જેમ કે બાળકો વિશેની માહિતીનો ઉપયોગ માતાપિતાને શિક્ષણ અને બાળ લાભો વિશે ઉત્પાદનોની જાહેરાત કરવા માટે કરી શકે છે અને તે માલિકી ઓળખવામાં અને આવાસ યોજનાઓ સંબંધિત જાહેરાતો આપવામાં મદદ કરી શકે છે.

ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં, ૯૪૫ મિલિયન ભારતીયોએ તેમના આધાર કાર્ડને તેમના મતદાર ID સાથે લિંક કર્યા હતા. સરકારની "Verify Aadhaar" સુવિધાનો ઉપયોગ કરીને આધાર ડેટા ધરાવતી સ્પ્રેડશીટનો નમૂનો ફોરમ ઉપર પોસ્ટ કરવામાં આવ્યો હતો. ભારતીયોના 90GB આધાર ડેટાના એક વેચાણની જાહેરાત કરતી પોસ્ટને ૧૫,૦૦૦ થી વધુ લોકોએ જોઈ હતી. આ કથિત ભંગ માત્ર ઓળખની છેતરપિંડીનું જોખમ જ નહીં પરંતુ ICMRની વિશ્વસનીયતાને પણ નબળી પાડે છે, અને આ સંસ્થા પહેલાથી જ COVID-19 ડેટાના સંચાલનના લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરી રહી છે. આ ડેટા ICMR સાથે નોંધાયેલ નાગરિકોની COVID-19 પરીક્ષણ વિગતોમાંથી લેવામાં આવ્યો છે.

# જ્ઞાન સહાયકના નામે કોન્ટ્રાકટ પદ્ધતિ શિક્ષણ વ્યવસ્થા માટે નુકસાનકારક છે

### જ્ઞાન સહાયકો અભ્યાસ કરાવશે ત્યારે દાહોદ જિલ્લાના ૨૭૦ પ્રવાસી શિક્ષકોને ૧૧ મહિનાથી પગાર ન ચૂકવાતા રાજ્ય સરકાર સમક્ષ કોંગ્રેસની રજૂઆત

અમદાવાદ,તા.૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો. મનિષ દોશીએ રાજયના મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, શિક્ષણ સચિવને રજૂઆત કરી હતી કે ગુજરાત રાજયમાં પ્રવાસી શિક્ષકોના ગત વર્ષના માર્ચ એપ્રિલ મહિનાના પગાર હજી સુધી મળ્યો નથી. પ્રવાસી શિક્ષકો વેતન વગર ગત વર્ષે જે કામ કરેલુ એ વળતર હજી સુધી પ્રાપ્ત કરી શકયા નથી. ગત વર્ષનો કાર્યકાળ એપ્રિલમાં પૂર્ણ થયેલ. ત્યાર બાદ સરકાર દ્વારા શિક્ષણ વિભાગના પરીપત્રથી પ્રવાસી શિક્ષકોનો કાર્યકાળ પાશ્ચાત્ય અસરથી છ મહિના માટે લંબાવવામાં આવ્યો. પાશ્ચાત્ય સ્પષ્ટ શબ્દ લખેલ હોવાથી ગત વર્ષે એપ્રિલ સુધી એમનો કાર્યકાળ હતો તે મેં, જૂન, જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર એમ કુલ ૬ મહિના માટે લંબાવવામઆવેલ. આ છ મહિનામાં વેકેશન હતું. જૂન મહિનાથી પ્રવાસી શિક્ષકો પાંચમી જૂનથી શાળાઓ શરૂ થઈ એ પછી પ્રવાસી શિક્ષકોથી ખાલી જગ્યાઓ ભરીને વિદ્યાર્થીઓના ભણતર નાબગડે તે માટે પ્રવાસી શિક્ષકોની નિમણૂક કરીને એમને ભણતર કરાવવાની જવાબદારી આપવામાં આવેલ. સરકારના આદેશમાં સ્પષ્ટ પાશ્ચાત્ય અસર લખેલ છે. ૩૦મી ઓકટોબર ૨૩, સોમવારના દિવસે પ્રવાસી શિક્ષકોના કાર્યકાળનો અંતિમ દિવસ છે. સરકાર નવી યોજના જ્ઞાન સહાયકના નામે કોન્ટ્રાકટ સીસ્ટમ દાખલ કરવા જઈ રહી છે. જે શિક્ષણ વ્યવસ્થાને મોટી નુકસાનકારક સાબિત થશે. એક નવેમ્બરથી જ્ઞાન સહાયક યોજના લાગુ થઈ જાય છે અને જ્ઞાન સહાયક શિક્ષકોની નિયુકિતની પ્રક્રિયા પ્રારંભ થઈ ગયેલ છે. જેથપહેલી નવેમ્બરથી જ્ઞાન સહાયક શિક્ષકો કામે આવી જશે. ૩૦મી ઓકટોબર ૨૩ સોમવારના રોજ પ્રવાસી શિક્ષકનો અંતિમ દિવસ છે અને એ દિવસે એ લોકો છેલ્લા આઠ મહિના પગાર વગરભણતર કરાવ્યા પછી પણ પગાર મેળવી શકયા નહીં. તે અત્યંત દુઃખદ બાબત છે. જે વિભાગની અધિકારીઓની નિષ્ક્રિયતાનું દુષ્પરિણામ છે. દાહોદ જિલ્લાના ૨૭૦ પ્રવાસી શિક્ષાકોને ૧૧ મહિનાથી વેતન ન મળતા શિક્ષાકોએ જીવન નિર્વાહ ચલાવવો મુશ્કેલ બન્યો છે. છોટાઉદેપુર સહિત અનેક જિલ્લામાં પ્રવાસી શિક્ષકોના વેતનનો પ્રશ્ન પેચીદો થતો જાય છે. ઉપરોકત, બાબત ગંભીરતાથી લઈ પ્રવાસી શિક્ષાકોના ૮થી ૧૦ મહિનાના ચુકવવા થતું વેતન તાત્કાલિક અસરથી ચૂકવણી થાય તે માટે ઘટતું કરવા વિનંતી છે

# ભારતમાં તહેવારોની સિઝન પહેલાં મહિલા નોકરી અરજદારોમાં ૬૧%નો વધારો થયો છે


(એજન્સી) તા.૩

એક અહેવાલ દર્શાવે છે કે મુખ્ય ભારતીય શહેરોમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૩માં ૧.૨ લાખથી વધુ નોકરીની તકો હતી. અગ્રણી જોબ્સ અને પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ **apna.co** અનુસાર, નોકરી કરવા માટે મહિલા અરજદારોમાં વધારો સમગ્ર ઉદ્યોગોમાં મહિલા પ્રોફેશનલ્સની વધતી જતી માંગને દર્શાવે છે અને કંપનીઓ તહેવારોની મોસમ દરમ્યાન ખાસ કરીને ઈ-કોમર્સ, રિટેલ અને હોસ્પિટાલિટી જેવા ક્ષેત્રોમાં મહિલાઓ માટેની પ્રવૃત્તિમાં વધારો થાય છે. જોબ માર્કેટ લેન્ડસ્કેપમાં ૨૦૨૨થી ૨૦૨૩ દરમ્યાન નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જે ખાસ કરીને ટોચની પાંચ જોબ કેટેગરીમાં છે - ટેલિકોલિંગ, એકાઉન્ટ્સ, બિઝનેસ ડેવલપમેન્ટ, માર્કેટિંગ અને ડિલિવરી. તહેવારોની સિઝનમાં બજાજ, એક્સિસ બેંક, પેટીએમ, ફ્લિપકાર્ટ અને રિલાયન્સ જેવી અગ્રણી કંપનીઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જેમણે ટોચની પ્રતિભાઓ માટે આકર્ષક પ્રોત્સાહનો ઓફર કરવામાં આવે છે. **apna.co**ના સ્થાપક અને સીઈઓ નિર્મિત પરીખે જણાવ્યું હતું કે, અમે છેલ્લા એક વર્ષમાં મહિલા અરજદારોમાં નોંધપાત્ર વધારો અને નોકરી શોધનારની પસંદગીઓમાં બદલાવ જોયો છે. અમે રોજગાર લેન્ડસ્કેપમાં વધુ પરિવર્તનની અપેક્ષા રાખીએ છીએ કારણ કે અમે વ્યાવસાયિકોને સશક્તિકરણ કરીએ છીએ અને નોકરી શોધનારાઓ અને નોકરીદાતાઓ વચ્ચેના અંતરને દૂર કરીએ છીએ. વધુમાં, આ અહેવાલ દર્શાવે છે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૩માં મુખ્ય ભારતીય શહેરોમાં ૧.૨ લાખથી વધુ નોકરીની તકો ઊભી થઈ હતી, જે તહેવારોની મોસમ પહેલા નોકરીની માંગમાં વધારો દર્શાવે છે. દરેક શહેર મુજબની માંગ અનન્ય પેટર્ન હોય છે, જેમ કે દિલ્હીમાં, સેલ્સ અને માર્કેટિંગ, કસ્ટમર સપોર્ટ અને સેલ્સ અને એકાઉન્ટિંગ ટેકનિશિયનની ભૂમિકાઓ માટે પસંદગી હતી જ્યારે મુંબઈમાં ફાઈનાન્સ અને એચઆર, સેલ્સ અને માર્કેટિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટ માટે ઉચ્ચ માંગ હતી.

# ભારતીયો ૧૦ નવેમ્બરથી ૧૦ મે, ૨૦૨૪ સુધી વિઝા વિના થાઈલેન્ડની મુલાકાત લઈ શકે છે : થાઈ ટુરિઝમ

નવી દિલ્હી, તા.૩

થાઈ ટુરિઝમ અનુસાર, ભારતીયો ૧૦ નવેમ્બર, ૨૦૨૩થી ૧૦ મે, ૨૦૨૪ સુધી વિઝા વિના થાઈલેન્ડની મુલાકાત લઈ શકે છે અને ત્યાં ૩૦ દિવસ સુધી રહી શકે છે. અહીંથી વધુ પ્રવાસીઓ મેળવવા માટે દેશે હવે ભારતીય અને તાઈવાનના નાગરિકો માટે વિઝાની જરૂરિયાતને માફ કરી દીધી છે. આ સપ્ટેમ્બરમાં તેણે ચીની નાગરિકો માટે આવું કર્યું હતું. ભારતીય પ્રવાસીઓ માટે એક અઠવાડિયામાં આ આવા બીજા સમાચાર છે. શ્રીલંકાએ તાજેતરમાં ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીના પાયલોટ પ્રોજેકટના ભાગરૂપે ભારત, ચીન અને રશિયા સહિત સાત દેશોના મુલાકાતીઓ માટે વિઝા-મુક્ત પ્રવેશની જાહેરાત કરી છે. કોવિડ પછી ઘણા દેશોના પ્રવાસન બોર્ડ દ્વારા ભારતીય પ્રવાસીઓને આક્રમક રીતે આકર્ષવામાં આવી રહ્યા છે. મલેશિયા, ચીન અને દક્ષિણ કોરિયા પછી લગભગ ૧૨ લાખ લોકોના આગમન સાથે ભારત આ વર્ષે અત્યાર સુધીમાં પર્યટન માટેનું થાઈલેન્ડનું ચોથું સૌથી મોટું સ્ત્રોત બજાર છે. ભારત સરકારના ડેટા દર્શાવે છે કે, વિદેશમાં પ્રવાસ કરતાં ભારતીયોની સંખ્યા ૨૦૧૧માં ૧.૪ કરોડથી વધીને ૨૦૧૯માં ૨.૭ કરોડની ટોચે પહોંચી છે પછી બે કોવિડ રોગચાળા



વર્ષોના પ્રવાસ પ્રતિબંધો પછી ૨૦૨૨માં તે ફરી ૨.૧ કરોડ થઈ ગઈ છે. ગયા વર્ષે કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયની માહિતી દર્શાવે છે કે, ભારતીયો માટે ટોચના ૧૦ ગંતવ્ય દેશો હતા - UAE (લગભગ ૫૯ લાખ અથવા ૨૮%); ૧૧.૫%); યુએસ (૧૭ લાખ/૮%); સિંગાપોર (૯.૯ લાખ/૪.૭%); થાઈલેન્ડ (૯.૩ લાખ/૪.૪%); યુકે (૯.૨ લાખ/૪.૩%); કતાર (૮.૭ લાખ/૪.૧%); કુવૈત (૮.૩ લાખ/૩.૯%); કેનેડા (૭.૭ લાખ/૩.૬%) અને ઓમાન (૭.૨ લાખ/ ૩.૪%). (બધા આંકડા અંદાજ પ્રમાણે છે).

# બિલોને મંજૂરી આપવામાં રાજ્યપાલના વિલંબ સામે તમિલનાડુ સરકાર સુપ્રીમમાં પહોંચી

નવી દિલ્હી, તા. ૩

તમિલનાડુ સરકારે રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ખરડાઓને સંમતિ આપવામાં રાજ્યપાલ આરએન રવિ દ્વારા વિલંબ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં કહ્યું છે કે તેણે પોતાને કાયદેસર રીતે ચૂંટાયેલી સરકારના "રાજકીય પ્રતિસ્પર્ધી" તરીકે જોવામાં આવે છે. સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરાયેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યપાલ માફીના આદેશો, રોજબરોજની ફાઈલો, નિમણૂકના આદેશો, ભરતીના આદેશોને મંજૂર કરવા, ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા મંત્રીઓ અથવા ધારાસભ્યો સામે કાર્યવાહી કરવા અને તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલો ઉપર હસ્તાક્ષર કરતા નથી. હસ્તાક્ષર માટે મોકલવામાં આવેલી ફાઈલો, સરકારી આદેશો અને નીતિઓની બિન-વિચારણા એ ગેરબંધારણીય, ગેરકાયદેસર, મનસ્વી, સત્તાના અવિશ્વસનીય ઉપયોગ ઉપરાંત ગેરવાજબી છે." તમિલનાડુ સરકારે બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ તેમની સંમતિ માટે મોકલવામાં આવેલા વિધાનમંડળ દ્વારા પસાર કરાયેલા ખરડાઓ ઉપર વિચાર કરવા માટે રાજ્યપાલ માટે બાહ્ય સમય મર્યાદા નક્કી કરવા માટે સુપ્રીમ કોર્ટ પાસેથી નિર્દેશો માંગ્યા છે. તેણે આગળ ચોક્કસ સમયમર્યાદામાં ગવર્નરની ઓફિસમાં પેન્ડિંગ તમામ બિલો, ફાઈલો અને સરકારી આદેશોના નિકાલ માટે નિર્દેશોની માંગણી કરી હતી. વકીલ સબરીશ સુબ્રમણ્યમ દ્વારા દાખલ કરાયેલી અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, "રાજ્યના રાજ્યપાલે અન્યાયી રીતે અને બિલોની વિચારણામાં વધુ પડતો વિલંબ કરીને વિધાનસભાની તેમની કાયદાકીય ફરજો નિભાવવાની ક્ષમતામાં અવરોધ કરીને કાયદેસર રીતે ચૂંટાયેલી સરકારના રાજકીય પ્રતિસ્પર્ધી તરીકે પોતાને સ્થાન આપ્યું છે." નિવેદનમાં ઉમેરાયું કે, રાજ્યપાલ જાહેર સેવકોની નૈતિક ક્ષતિ અને કેદીઓની અકાળ મુક્તિને લગતા મુદ્દાઓ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના વિવિધ ગુનાઓ માટે કાર્યવાહી અને તપાસ માટે મંજૂરી આપવામાં નિષ્ફળ ગયા છે. "રાજ્યપાલની નિષ્ક્રિયતાને કારણે રાજ્યના બંધારણીય વડા અને રાજ્યની ચૂંટાયેલી સરકાર વચ્ચે બંધારણીય મડાગાંઠ સર્જાઈ છે. કલમ ૨૦૦ મુજબ, જ્યારે રાજ્યની વિધાનસભા દ્વારા પસાર કરાયેલું બિલ રાજ્યપાલ સમક્ષ રજૂ કરવામાં આવે છે, ત્યારે તેની પાસે ચાર વિકલ્પો હોય છે - (a) તે બિલને સંમતિ આપે છે (b) તે સંમતિ અટકાવે છે (c) તે બિલને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખે છે અથવા (d) તે બિલને પુર્નઃ વિચાર માટે વિધાનસભાને પરત કરે છે.

# હિમોગ્લોબિનનો ઉપયોગ માત્ર લોહીમાં જ થતો નથી; વૈજ્ઞાનિકોએ એક અન્ય મહત્ત્વની શોધ કરી

(એજન્સી) તા.૩

પાઠ્યપુસ્તકો દાયકાઓથી કહે છે કે, હિમોગ્લોબિન લોહીમાં લાલ રક્ત કોશિકાઓ (RBC)માં જોવા મળે છે, તે લોહીને લાલ બનાવે છે, ઓક્સિજનનું વહન કરે છે અને આપણા અસ્તિત્વ માટે જરૂરી છે પણ હવે એક નવી અને અસાધારણ શોધથી જાણવા મળ્યું છે કે, હિમોગ્લોબિનનો ઉપયોગ ફક્ત આરબીસીમાં જ થતો નથી. નેચરમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં ચીનના વૈજ્ઞાનિકોએ અહેવાલ આપ્યો છે કે, ચોન્ડ્રોસાઈટ્સ-કોશિકાઓ જે કોમલાસ્થિ બનાવે છે, તે હાડકાં વચ્ચે જોડતી પેશી છે તે પણ હિમોગ્લોબિન બનાવે છે અને તેમના અસ્તિત્વ માટે તેના ઉપર નિર્ભર હોય તેવું લાગે છે. ચીનની ફોર્થ મિલિટરી મેડિકલ યુનિવર્સિટીના પેથોલોજિસ્ટ ફેંગ ઝાંગ, ૨૦૧૦થી હાડકાના અભ્યાસ ઉપર કામ કરી રહ્યા છે. ૨૦૧૭માં જ્યારે તેઓ ગ્રોથ પ્લેટ્સનો અભ્યાસ કરી રહ્યા હતા. તેઓ આરબીસી સાથે અસાધારણ સામ્યતા ધરાવતા હોય તેવું લાગતું હતું અને તેમાં હિમોગ્લોબિન હતું. ડો.ઝાંગએ બેઈજિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટેક્નોલોજીમાં ક્વિઆંગ સન સાથે જોડાણ કર્યું અને વધુ તપાસ કરવા માટે અદ્યતન માઈક્રોસ્કોપી તકનીકોનો ઉપયોગ કર્યો હતો. જ્યારે તેલ પાણીમાં ભળી જાય છે ત્યારે શું થાય છે. ફેઝ સેપરેશન નામની પ્રક્રિયામાં તેલ નાના ગ્લોબ્યુલ્સમાં અલગ પડે છે. કોમલાસ્થિમાંના કોન્ડ્રોસાઈટ્સમાં પણ એવું જ થતું હોય તેવું લાગતું હતું. ડો. ઝાંગે ખાતરી કરી હતી કે નવજાત ઉંદરોની વૃદ્ધિ પ્લેટની અંદરના કોન્ડ્રોસાયટ્સ માત્ર મોટા પ્રમાણમાં હિમોગ્લોબિન ઉત્પન્ન કરી રહ્યા છે એટલું જ નહીં, પરંતુ તે પટલ વિના એકસાથે થઈને મોટા બ્લોબ્સ બનાવે છે. વૈજ્ઞાનિકો આ બ્લોબ્સને હિમોગ્લોબિન બોડી અથવા હેડી કહે છે. આ ચોન્ડ્રોસાઈટ્સ હિમોગ્લોબિન બનાવે છે, પ્રશ્ન એ હતો કે, શું આ હેડી કાર્યરત છે ? આને ચકાસવા માટે વૈજ્ઞાનિકોએ આનુવંશિક રીતે સંશોધિત ઉંદરનો ઉપયોગ કર્યો હતો. કોમલાસ્થિ પેશીઓમાં ખાસ કરીને હિમોગ્લોબિન બનાવનાર જનીનને દૂર કરવાથી પણ સમાન પરિણામ આવ્યું હતું. આરબીસીમાં હિમોગ્લોબિન ઓક્સિજનનું વહન કરે છે અને ખાતરી કરે છે કે, શરીરના વિવિધ ભાગો યોગ્ય રીતે કાર્ય કરવા માટે ઓક્સિજન મેળવે છે. વિજ્ઞાનીઓએ ચોન્ડ્રોસાઈટ્સમાં હિમોગ્લોબિન પણ ઓક્સિજન વહન કરે છે કે કેમ તે ચકાસવા માટે શ્રેણીબદ્ધ પ્રયોગો હાથ ધર્યા હતા. પ્રથમ, તેઓએ તપાસ કરી કે જ્યારે હિમોગ્લોબિન પરમાણુઓ ગેરહાજર હતા ત્યારે કોમલાસ્થિ કોશિકાઓ મૃત્યુ પહેલાં




તણાવના સંકેતો દર્શાવે છે. તેઓએ હાયપોક્સિક સ્ટ્રેસ નામના ખાસ પ્રકારના તણાવ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું, જે ઓછી ઓક્સિજનની સ્થિતિને કારણે થાય છે. હિમોગ્લોબિનની ગેરહાજરીને કારણે આ કોન્ડ્રોસાઈટ્સ અમુક પ્રકારના ઓછા ઓક્સિજન તણાવમાંથી પસાર થાય છે. સંશોધકોએ ઓછા ઓક્સિજન અથવા હાયપોક્સિક વાતાવરણમાં કોશિકાઓનું પરીક્ષણ કર્યું. હિમોગ્લોબિનની હાજરીમાં કોષો વધુ ઓક્સિજન છોડતા હોય તેવું લાગતું હતું. પરંતુ હિમોગ્લોબિનની ગેરહાજરીમાં કોન્ડ્રોસાઈટ્સ મૃત્યુ પામવા લાગ્યા હતા. આનાથી તેમના આ વિચારને વધુ સમર્થન મળ્યું કે કોન્ડ્રોસાયટ્સમાં હિમોગ્લોબિન મોટાભાગે ઓક્સિજનનો સંગ્રહ કરે છે અને જ્યારે જરૂર પડે ત્યારે કોષોને સપ્લાય કરે છે. વૈજ્ઞાનિકોએ એ પણ શોધી કાઢ્યું કે, વૃદ્ધિ પ્લેટની બહારના પ્રદેશોમાં પાંસળી અથવા ઉંદરની કરોડરજ્જુની જેમ કોમલાસ્થિમાં પણ હિમોગ્લોબિન હોય છે. જે આપણે હજી સુધી નિશ્ચિતપણે જાણતા નથી તે એ છે કે શું આ પ્રદેશોમાં હિમોગ્લોબિન ઓક્સિજનને સંગ્રહિત કરવામાં અને મુક્ત કરવામાં સમાન ભૂમિકા ભજવે છે. અમે એ પણ જાણતા નથી કે હેડીમાં વૃદ્ધિ પ્લેટમાં કોષો ઉપર વધુ કાર્યો અથવા અન્ય અસરો થાય છે. જેમણે ૨૦૧૮માં ગ્રોથ પ્લેટમાં અસ્થિ બનાવતા સ્ટેમ સેલની શોધ કરી હતી, તે કહે છે કે આ શક્યતા રસપ્રદ છે. કોમલાસ્થિમાં કાર્યાત્મક હિમોગ્લોબિનની શોધ એ પણ શક્યતા તરફ દોરી જાય છે કે, તે ચોક્કસ સાંધાના રોગોમાં ભૂમિકા ભજવે છે. જે અનુસાર, કોન્ડ્રોસાઈટ્સમાં ખામીઓથી હાડકાની વિકૃતિઓ થાય છે. ડો.ઝાંગે કહ્યું હતું કે, તેમને આશા છે કે, આ શોધ સાંધાના રોગોની અંતર્ગત પદ્ધતિઓનું અર્થઘટન કરવામાં મદદ કરી શકે છે.

### આપણું શહેર નશામુકત અભિયાન અંતર્ગત

# આવતીકાલે રનફોર જૂનાગઢનો યોજાશે કાર્યક્રમ

## જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર દ્વારા તૈયારી : અધિક મેજીસ્ટ્રેટ પી.જી. પટેલ દ્વારા રસ્તાઓ અંગેનું જાહેરનામું બહાર પડાયું

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેર અને જીલ્લામાં નશીલા પદાર્થોની ગેરકાનુની પ્રવૃતિને સખ્ત રીતે ડામી દેવા તેમજ યુવાનોને નશાની લતમાંથી છોડાવવા માટેનું એક અભિયાન હાથ ધરવામાં આવનાર છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરમાં આપણું શહેર નશામુકત જૂનાગઢ અંતર્ગત આવતીકાલ તા.૪ નવેમ્બરના રોજ રન ફોર જૂનાગઢનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે અને જેને લઈને વિવિધ રસ્તાઓ અને માર્ગો ઉપર કે જયાં રન ફોર જૂનાગઢ અંતર્ગત રૂટ નકકી થયો છે ત્યાં માર્ગો ઉપર વાહનોની અવર જવર માટે પ્રવેશ બંધી તેમજ ડ્રાઈવઝન માટેનો રૂટ નકકી કરવામાં આવેલ છે અને જે અંગેનું એક જાહેરનામુ જારી કરવામાં આવેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢના અધિ જીલ્લા મેજીસ્ટ્રેટ પી.જી. પટેલ દ્વારા જે જાહેરનામુ સત્તાની રૂએ બહાર પાડવામાં આવેલ છે જે અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા.૩૧/૧૦/૨૦૨૩ ના પત્ર ક્ર.સી એલઆઈબી જાહેરનામુ રન ફોર જૂનાગઢ ૮૨૩૨૦૨૩થી થઈ આવેલ દરખાસ્ત વિગતે, આગામી તા.૦૪/૧૧/૨૦૨૩ ના રોજ જૂનાગઢ ખાતે જૂનાગઢ નશામુકત અભિયાન રન ફોર જૂનાગઢ કાર્યક્રમ યોજાનાર હોય, આ કાર્યક્રમ જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ગ્રાઉન્ડથી મધુરમ રોડથી મધુરમ ગેઈટ સુધી પરત મધુરમ ગેઈટથી અક્ષર મંદિર, પોલીસ અધીક્ષકશ્રીની કચેરીથી તાલુકા સેવા સદન થઈ મોતીબાગ સર્કલથી ભૂતનાથ ફાટક સુધી પરત ભૂતનાથથી મોતીબાગ સર્કલ થઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટી સુધીના રોડ ઉપર ૦૫—કિલોમીટર ફન રન તથા ૧૦—કિલોમીટર કોમ્પિટીશન રન વિગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોય, જેમાં બહોળી જનસંખ્યા એકત્રિત થનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે શહેરો જિલ્લામાંથી મોટી સંખ્યામાં માણસો એકઠા થનાર હોય, જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ ટ્રાફિક જામ કે સમસ્યા ન ઉદભવે તેમજ ભાગ લઈ રહેલ દોડવીરોને નિયત રૂટ ઉપર કોઈ ખલેલ ન પડે તે માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂં તા.૦૪/૧૧/૨૦૨૩ ના ૧૬-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક સુધી તેમાં જણાવેલ રસ્તાઓ ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવતું તથા ડાયવર્ઝન સંબંધી વૈકલ્પિક રૂટ દિશા નિર્દેશ કરતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી રજુ થયેલ દરખાસ્ત વિચારણામાં લેતા, કાયદો—વ્યવસ્થા તથા જાહેર સલામતી વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર થઈ આવેલ દરખાસ્ત ઉચિત વાજબી જણાતી હોઈ હું પી. જી. પટેલ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧—બી) થી મળેલ અધિકારની રૂએ નીચે મુજબ અમલવારી કરવા ફરમાવું છું.

**આ રૂટ પર પ્રવેશબંધી**

(૧) સોમનાથ, પોરબંદર, વંથલી, કેશોદ તેમજ મધુરમ બાયપાસ વિસ્તારથી આવતા નાના-મોટા વાહનો અને ભારે વાહનો તેમજ એસટી બસોને મધુરમ ગેઈટ અંદરથી શહેર વિસ્તાર તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી કરવામાં આવી છે.

(૨) અમરેલી, વિસાવદર, બિલખા, મેંદરડા તરફથી આવતા નાના-મોટા વાહનો અને ભારે વાહનો તેમજ એસટી બસો અને શહેરી વિસ્તારના વાહનો ભુતનાથ ફાટકથી મોતીબાગ તરફના રોડ ઉપર પ્રવેશબંધી

(૩) સરદારબાગ ઝાંસીની રાણી સર્કલથી મોતીબાગ તરફના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ છે.

**ડાયવર્ઝન માટેનો રૂટ**

(ફકત ભારે વાહનો તેમજ એસટી બસો)

મધુરમ બાયપાસ રૂટ

(૧) મધુરમ બાયપાસ રોડ, ખામધ્રોળ ચોકડી થઈ આર.ટી.ઓ. રોડ થઈ મજેવડી ગેટ, ગીરનાર દરવાજા, વિવેકાનંદ સર્કલ, નવા પુલ પર થઈ આયુર્વેદિક કોલેજ રોડ થઈ સરદાર પટેલ સર્કલ થઈ અમરેલી, વિસાવદર, બીલખા, મેંદરડા તરફ જવા માટે. (ભારે વાહનો સિવાયના ટુવ્હીલર તથા ફોર વ્હીલર જેવા વાહનો)

ઉપરોકત જણાવેલ રૂટ તેમજ નીચે જણાવેલ મધુરમ બાયપાસ રૂટ પરથી પણ જવા માટે

(૧) ચોબારી રોડથી ઝાંઝરડા અંડરબ્રીજ થઈ એસ.ટી. રોડ તરફ જવા માટે

(૨) ઝાંઝરડા ચોકડીથી શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

(૩) ખલીલપુર ચોકડી થી શહેર વિસ્તારમાં પ્રવેશ કરી શકશે.

આવક — જાવક સદર ઉપર જણાવેલ રૂટનો ઉપયોગ કરી શકાશે.

સરદાર પટેલ સર્કલથી આયુર્વેદિક કોલેજ થઈ વિવેકાનંદ સર્કલ, ગીરનાર દરવાજા, મજેવડી ગેઈટ, આર.ટી.ઓ. રોડ, ખામધ્રોળ ચોકડી બાયપાસ રોડ થઈ સોમનાથ, પોરબંદર, વંથલી, કેશોદ તરફ જવા માટે.

આવક — જાવક સદર ઉપર જણાવેલ રૂટનો ઉપયોગ કરી શકાશે.

(૧) એસ.ટી. બસ સ્ટેશન રોડથી સરદારબાગ, મોતીબાગ થઈને સોમનાથ, કેશોદ, વંથલી, પોરબંદર તેમજ મધુરમ બાયપાસ વિસ્તાર તરફ જતા વાહનો જેવા કે એસ.ટી. બસો તેમજ અન્ય મોટા ફોર વ્હીલર વાહનો ગાંધીચોક, મજેવડી ગેટ, આર.ટી.ઓ. રોડ, ખામધ્રોળ ચોકડી બાયપાસ રોડ થઈ જવા માટે.

(૨) ટુ - વ્હીલર તેમજ ફોર વ્હીલર જેવા વાહનો ઉપરોકત જણાવેલ રૂટ તેમજ સરદારબાગથી ઝાંઝરડા રોડ તેમજ ચોબારી રોડથી બાયપાસ થઈ ને જવા માટે ફકત નાના વાહનો.

(૩) એસ.ટી. બસ સ્ટેશન રોડથી સરદારબાગ, મોતીબાગ થઈને અમરેલી, વિસાવદર, બીલખા, મેંદરડા તરફ જતા વાહનો જેવા કે એસ.ટી. બસો તેમજ અન્ય મોટા ફોર વ્હીલર ભારે વાહનો ગાંધી ચોક, મજેવડી ગેઈટ, ગીરનાર દરવાજા, વિવેકાનંદ સર્કલના નવા પુલ પર થઈ આયુર્વેદિક કોલેજ, સરદાર પટેલ સર્કલ થઈ જવા માટે.

(૪) ટુ—વ્હીલર તેમજ ફોર વ્હીલર જેવા વાહનો ઉપરોકત જણાવેલ રૂટ તેમજ વૈભવ ચોક, જયશ્રી રોડ, કાળવા ચોક થઈને પણ જવા માટે ફકત નાના વાહનો આવક — જાવક સદર ઉપર જણાવેલ રૂટનો ઉપયોગ કરી શકાશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામું તા.૪/૧૧/૨૦૨૩ ના ૧૬-૦૦ કલાકથી ૨૨-૦૦ કલાક સુધી અમલમાં રહેશે તેમ જણાવેલ છે.

## ૧૦,૦૦૦/- ની કિંમતના સામાનના બે બેગ ખોવાતા નેત્રમ શાખા પોલીસ દ્વારા ગણતરીની કલાકમાં શોધી માલીકને પરત અપાયા




જૂનાગઢ તા. ૩

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ થાણા અમલદારોને પૂજા સાથે સૌહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે.

અરજદાર પ્રકાશભાઈ મોહનલાલ ઠકરાર જૂનાગઢના વતની હોય અને જરૂરી કામ સબબ જેનેલી શોપીંગ સેન્ટરથી રેલ્વે સ્ટેશન જવા માટે ઓટો રિક્ષામાં બેસેલ હોય તે દરમ્યાન તેમના રૂા.૧૦,૦૦૦/- ની કિંમતના સામાનના બે બેગ ખોવાયેલ હોય, જે બેગમાં સ્માર્ટ વોચ, કપડા, ડ્રાયફ્રુટ તથા અન્ય જરૂરી સામાન હોય. રેલ્વે સ્ટેશન ઉતર્યા બાદ પ્રકાશભાઈને માલુમ પડેલ કે તેમની સાથે રાખેલ બે બેગ તેઓ ઓટો રિક્ષામાં જ ભુલી ગયેલ છે. તેમણે આજુબાજુ તપાસ કરેલ તેમજ તે ઓટો રિક્ષા શોધવાનો પણ પ્રયત્ન કરેલ પરંતુ તેમનો સામાન મળેલ નહિ, જેથી તેઓ ખૂબ વ્યર્થાત થઈ ગયેલ હતા આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.


દરમ્યાન જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખાના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. રાહુલભાઈ મેઘનાથી, પો.કોન્સ, પાયલબેન વકાતર, હિનાબેન વેગડા, એન્જીનીયર નિતલબેન મેહતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી પ્રકાશભાઈ જે સ્થળેથી ઓટો રિક્ષામાં બેસેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ **CCTV** ફૂટેજની મદદથી ચેક કરતા પ્રકાશભાઈ પોતાના રૂા. ૧૦,૦૦૦/- ની કિંમતના સામાનની બે બેગ ઓટો રિક્ષામાં જ ભુલી ગયેલ હોય તેવું જણાયેલ. જેના આધારે તે ઓટો રિક્ષાનો રજી. નં. **GJ 23 U 7438** શોધીને ઓટો રિક્ષા ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે બે બેગ તેમની પાસે હોવાનું જણાવેલ હતું. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પ્રકાશભાઈના રૂા.૧૦,૦૦૦/- ની કિંમતના સામાનના બે બેગ ગણતરીની કલાકમાં શોધી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને પ્રકાશભાઈ ઠકરારે જણાવેલ કે તેમને આ સામાન પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ સામાન પોલીસે શોધ આપતા ખુબજ ખુશ થઈ ગયેલ અને જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા રૂા. ૧૦,૦૦૦/- ની કિંમતના સામાનના બે બેગ ગણતરીની કલાકમાં શોધી પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી ''પોલીસ પ્રજાનો મિત્ર છે'' એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

## શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના વાર્ષિક પાટોત્સવની થયેલ ઉજવણી

સાળંગપુર, તા.૩

વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત યાત્રાધામ સાળંગપુરમાં બિરાજમાન અને લાખો શ્રદ્ધાળુઓના હૃદયના પ્રાણ એવા શ્રીકષ્ટભંજનદેવનો વાર્ષિક પાટોત્સવ સંવત ૨૦૭૯ના આસો વદ ૫ને તા.૨/૧૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પવિત્ર પ્રસંગ નિમિતે તા.૧/૧૧/૨૦૨૩ના રોજ સવારે મારુતિયજ્ઞનો પ્રારંભકરી તા.૨/૧૧/૨૦૨૩ને બપોરે ૧૨:૩૦ કલાકે પૂર્ણાહુતી કરવામાં આવેલ તથા તા.૧/૧૧/૨૦૨૩ના સાંજે ભવ્ય જળયાત્રાનું વાજતે-ગાજતે આયોજન કરવામાં આવેલ. તા.૨/૧૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ષોડશોપચાર વિધિથી અભિષેક સવારે ૦૮:૦૦ કલાકે વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ પ.પૂ.ધ.ધૂ.આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ અને ગુરૂવર્ય વિષ્ણુપ્રકાશદાસજી (અથાણાવાળા) તથા પૂજય શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અનેબ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા કરવામાં આવેલ હતો. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગારના દર્શન, આરતી, અભિષેક, અન્નકૂટ, મારૂતિયજ્ઞ વગેરેના દર્શનનો બહોળી સંખ્યામાં બ્રહ્મનિષ્ઠ સંતો, સાંખ્ય યોગી માતાઓ અને ભક્તોએ લાભ લીધો હતો. તેમજ વાર્ષિક પાટોત્સવ નિમિતે દાદાના ભક્તોએ મહા પ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ. આ પ્રસંગે શ્રી સહજાનંદ સભામંડપનું ઉદ્દ્ઘાટન વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮



પ.પૂ.ધ.ધૂ.આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજશ્રી એવમ્ ગુરુવર્ય વિષ્ણુપ્રકાશદાસજી (અથાણાવાળા) તથા પૂજય શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અને બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા કરવામાં આવેલ હતું.

## શિક્ષણ-પ્રશિક્ષણ ક્ષેત્રે નવા માપદંડો સ્થાપવાનો ઉદ્દેશ્ય સાથે નીતા મુકેશ અંબાણી જુનિયર સ્કૂલનો પ્રારંભ







મુંબઈ ૩

મુંબઈ શહેરમાં નવેમ્બર ૧, ૨૦૨૩ના રોજ નવી શિક્ષણ સંસ્થા નીતા મુકેશ અંબાણી જુનિયર સ્કૂલ **(NMAJS)**ના ઉદ્દઘાટનનું સાક્ષી બન્યું હતું. આ સંસ્થા શિક્ષણ અને પ્રશિક્ષણના અભિગમોને પુનઃવ્યાખ્યાયિત કરશે. બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ **(DAIS)** કેમ્પસની બાજુમાં આવેલી આ નવી સ્કૂલની કલ્પના અને ડિઝાઈન અત્યાધુનિક કેમ્પસ તરીકે વિદ્યાર્થીઓને શીખવાની મોકળાશ આપવા સાથે નાના-મોટા જૂથો બનાવી સાથે મળીને કામ કરવા અને તેમને પર વ્યક્તિગત રીતે સૂચનાઓ આપવા પર ભાર મૂકવાની રીતે તૈયાર કરવામાં આવી છે.

શ્રીમતી નીતા અંબાણીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩માં સ્થપાયેલી **DAIS**ની શ્રેષ્ઠતાની સફરને આગળ વધારવા માટે **NMAJS** તૈયાર છે. દિલથી શિક્ષક અને અસાધારણ ધગશ તથા પ્રતિબદ્ધતા ધરાવતા શિક્ષણશાસ્ત્રી એવા સંસ્થાના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણી માત્ર ૨૦ વર્ષમાં **DAIS**ને વિશ્વની શ્રેષ્ઠ શાળાઓની શ્રેણીમાં લઈ ગયા છે. આજે **DAIS** ભારતની પ્રથમ નંબરની આંતરરાષ્ટ્રીય શાળા છે અને વિશ્વની ટોચની ૨૦ ઈન્ટરનેશનલ બોર્ડ સાથે સંકળાયેલી શાળાઓમાં સ્થાન પામે છે.

આ પ્રસંગે બોલતા સંસ્થાના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, ''અમે હંમેશા ઈચ્છતા હતા કે **DAIS**એક એવી શાળા બને જ્યાં અધ્યાપનમાં ખુશી અને અધ્યયનમાં આનંદ મળે. ભૂતકાળમાં નજર કરીએ તો વિનમ્રતા સાથે એ અહેસાસ થાય છે કે માત્ર બે દાયકામાં હજારો બાળકો અને તેમના પરિવારોના જીવનમાં પરિવર્તન લાવી શક્યા છીએ. અને તે કૃતજ્ઞતા અને આશાવાદની ભાવના સાથે અમે ભવિષ્ય તરફ દૃષ્ટિ કરી રહ્યા છીએ કારણ કે શ્રેષ્ઠતાની આ પરંપરાના માર્ગે ભાવિનું નિર્માણ કરવા માટે નવી પેઢી મજબૂત પ્રતિબદ્ધતા સાથે નેતૃત્વ લઈ રહી છે. મને આ નવું શિક્ષણ મંદિર – **NMAJS** – મુંબઈ શહેર અને સમગ્ર રાષ્ટ્રને સમર્પિત કરવાનું ગૌરવ છે.''

વાઈસચેરપર્સન અને ભવિષ્યને લક્ષ્યમાં રાખીને તૈયાર કરવામાં આવેલી આ શાળાના વિઝન અને વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવનારા સુશ્રી ઈશા અંબાણીએ જણાવ્યું હતું કે, મારા માતા અને મારા આદર્શે મન, હૃદય અને આત્માથી ભારતીયતા સાથે **DAIS**ની આંતરરાષ્ટ્રીય શાળા તરીકે કલ્પના કરી હતી, અને તેણે આજે ભારતમાં શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય રીતે પરિવર્તન કર્યું છે. અમે દ્રસ્છત્નજીનું નિર્માણ **DAIS**ના પાયાના સિધ્ધાંતો અને અનોખી તાકાત સાથે બાળકોને ૨૧મી સદીના કૌશલ્યથી સુસજ્જ બનાવવાના ધ્યેયને હાંસલ કરવા સાથે કર્યું છે. નવી **NMAJS**ની વાસ્તુપૂજા પરિવાર, મિત્રો, શુભેચ્છકો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીમાં શ્રીમતી નીતા અંબાણીના જન્મદિવસના શુભ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

**NMAJS** કેમ્પસની ડિઝાઈન વિશ્વ વિખ્યાત આર્કિટેક્ટ્સ પર્કિન્સ એન્ડ વિલ દ્વારા તૈયાર કરવામાં આવી છે અને તેનું નિર્માણ અનેક અત્યાધુનિક કેમ્પસ બનાવવાનો ટ્રેક રેકોર્ડ ધરાવતી સંસ્થા લેઈટન દ્વારા કરવામાં આવ્યું છે. **NMAJS** એક સંપૂર્ણ આંતરરાષ્ટ્રીય શાળા હશે, જે આઈબી પ્રાયમરી યર્સ પ્રોગ્રામ (પી.વાય.પી.) અને મિડલ યર પ્રોગ્રામ (એમ.વાય.પી.) અભ્યાસક્રમ ઓફર કરે છે.

શિક્ષકોની યોગ્યતા અને પ્રતિબદ્ધતા કોઈપણ શાળાના ભવિષ્યને ઘડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, અને **NMAJS** તેના વિઝનને અનુરૂપ શિક્ષણ પ્રદાન કરવા માટે વિશ્વભરની શ્રેષ્ઠ પ્રતિભાઓને આકર્ષવામાં સક્ષમ છે. એક શૈક્ષણિક સંસ્થાનું મિશન ત્યારે પરિપૂર્ણ થાય છે જ્યારે પેરન્ટ કમ્યુનિટી તેની ફિલસૂફી અને વ્યવહારને પૂરા દિલથી સમર્થન આપે છે, અને દ્રસ્છત્નજી હંમેશા તેમનું અતૂટ સમર્થન મેળવવા માટે ભાગ્યશાળી છે.

**NMAJS** ૨૧મી સદી માટે જરૂરી કૌશલ્યો અને મૂલ્યો સાથે ભાવિ પેઢીને તૈયાર કરવાની પ્રતિબદ્ધતા સાથે એક બાળ-મૈત્રીપૂર્ણ સંસ્થા તરીકે પોતાને વિકસિત કરવાની કલ્પના કરે છે.

## વેરાવળ પાટણ પાલીકાના કર્મીઓની દિવાળી સુધરી, શાસકોએ તા.૧ લીના પગાર ચુકવી આપ્યો

**એક દશકા બાદ દિવાળીને ધ્યાનમાં રાખી પાલીકાના ૬૩૧ કર્મીઓને મહિનાના પ્રથમ દિવસે જ રૂા.૧.૩૧ કરોડની પગાર રકમ ચૂકવાતા ખુશીની લહેર પ્રસરી**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૩

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં ફરજ બજાવતા ૬૦૦થી વધુ કર્મચારીઓને આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી ઓકટોમ્બર માસનો પગાર તા.૧ નવે.ના રોજ દરેક કર્મચારીના બેંક ખાતામાં જમા કરાવી દેવાતા ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકામાં આશરે ૧૨ વર્ષ પછી પ્રથમ વખત પાલિકાના કર્મચારીઓને આગામી દિવાળીના તહેવારો ધ્યાનમાં રાખી ઓકટોબર માસનો કુલ ૬૩૧ કર્મચારીનો પગાર રૂ.૧ કરોડ ૩૧ લાખ ૪૦ હજાર ૧૮૩ નવેમ્બર મહિનાના પ્રથમ દિવસે તા.૧ ના સંલગ્ન કર્મચારીઓના ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. આ નિર્ણય માટે કર્મચારીઓ દ્વારા પ્રમુખ પલ્લવીબેન જયદેવભાઈ જાની, ઉપપ્રમુખ જયેશભાઈ માલમડી, ચીફ ઓફિસર ચેતનભાઈ ડુડીયાનો કર્મચારી મંડળના દિગંતભાઈ દવે આભાર વ્યકત કરેલ હતો. જ્યારે પાલીકાના એકાઉન્ટ જગદીશભાઈ મોરીએ પદાધીકારીઓની સૂચના મુજબ દિવાળીના તહેવાર ધ્યાનમાં રાખી કર્મચારીઓ તહેવારો હર્ષોલ્લાશ સાથે પસાર કરે તે માટે જરૂરી કામગીરી કરી તા.૧ ના તમામ કર્મચારીના ખાતામાં પગારની રકમ જમા થાય તે રીતે કરી હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

## વિસાવદર નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ, ૩૮ ટન કચરાનો નિકાલ કરાયો

વિસાવદર, તા.૩

વિસાવદર નગરપાલિકા દ્વારા સ્વછતાહી સેવા કાર્યક્રમ અંતર્ગત ગાયત્રી, પ્લોટ, કાલસારી રોડ, કાનાબાર શેરી, શાકમાર્કેટ રોડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. તેમજ વોર્ડ નંબર ૩ માં ગાયત્રી પ્લોટ રહેણાંક વિસ્તાર તેમજ કાલસારી રોડ વિસ્તાર, વોર્ડ નંબર ૨ના શાકમાર્કેટ રોડ, કાનાબાર શેરી વિસ્તારમાં આવેલ રહેણાંક તેમજ શહેરના તમામ વાણિજ્ય વિસ્તારની સઘન સફાઈ હાથ ધરી અંદાજે ૩૮ ટન કચરો એકત્ર કરી નિકાલ કરાયો હતો. આ સાથે જ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સ્વચ્છતા જાળવવા નાગરિકોને જાગૃત પણ કરવામાં આવ્યા હતા.

# સોમનાથથી અયોધ્યા "શ્રી રામ નામ મંત્રલેખન મહાયજ્ઞ"નો વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે પ્રારંભ

## ગાંધીનગર રાજ ભવન ખાતે શ્રીસોમનાથ ટ્રસ્ટની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ "રામ" નામ મંત્ર લેખન કરી લેખન યજ્ઞનો પ્રારંભ કર્યો

સોમનાથ તા.૩

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ અને અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર ઐતિહાસિક મહત્વતા તેમજ સામ્યતા બંને ધરાવે છે. સદીઓના ખંડન બાદ પુનઃસર્જન ની અદ્વિતિય ગાથા સોમનાથ અને અયોધ્યાના રામ મંદિરને એકાત્મના તાંતણે જોડે છે. સોમનાથની ભૂમિ પરથી જ શ્રીરામ મંદિર પુનઃ નિર્માણના ઉદાહરણ સંકલ્પનો પ્રારંભ થયેલ ત્યારે અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર નિર્માણ પૂર્ણ થયે પ્રાણ પ્રતિષ્ઠા થવાના પાવન પ્રસંગ પર સોમનાથ ખાતે ભક્તો દ્વારા લખાયેલા રામનામ ગ્રંથો અયોધ્યા અર્પણ કરવાનું ઉત્કૃષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. જેને "સોમનાથ થી અયોધ્યા શ્રી રામ નામ મંત્ર લેખન મહાયજ્ઞ" નામ આપવામાં આવ્યું છે. ગાંધીનગર રાજભવન ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના માન.અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા સૌપ્રથમ પોતે રામ નામ લેખન સેવા કરીને સોમનાથ થી અયોધ્યા શ્રી રામ નામ મંત્ર લેખન મહાયજ્ઞ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સોમનાથમાં શ્રીરામ નામ મંત્ર લેખનનો વિશેષ મહિમા એટલા માટે છે, કે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ જ્યાં બિરાજમાન છે, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની માનવલીલા ને વિરામ આપ્યો, એવી પ્રભાસની આ પવિત્ર ભુમી પર પ્રભુ શ્રી રામના આગમનનો પણ સ્કંદ પુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે. ત્યારે સોમનાથ તીર્થમાં શ્રી રામ મંદિર ખાતે ભગવાન શ્રીરામના સાનિધ્યમાં સવારે ૭:૩૦ વાગ્યા થી સાંજે ૮:૦૦ વાગ્યા સુધી આ મંત્ર લેખન મહાયજ્ઞ ચાલશે. દેશ વિદેશમાંથી આવનારા ભક્તો શ્રી રામ મંદિર ખાતે સભા મંડપમાં બેસીને શ્રી રામ નામ મંત્ર લેખન સેવા કરીને અયોધ્યા શ્રી રામ મંદિર પુનર્નિર્માણના ધન્ય ક્ષણના સાક્ષી બનશે.

મોટી સંખ્યામાં ભક્તોને રામ નામ લેખન યજ્ઞનો લાભ મળે તે માટે શ્રી સોમનાથ મંદિરથી સમયાંતરે એક બસ ભકતોને રામ મંદિર સુધી લઈ જશે. ભકતો માટે શ્રી રામ મંદિરમાં રામ નામ લખવા માટે તૈયાર કરાયેલા વિશેષ પુસ્તકો અને લેખનીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પણ ટ્રસ્ટ દ્વારા મંત્ર લેખન મહાયજ્ઞ માટે તમામ આનુસંગિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. શ્રી રામનામ મંત્ર લેખન યજ્ઞમાં લેખન સેવા આપનાર દરેક ભક્તને





**ટ્રસ્ટ દ્વારા શ્રીરામ મંદિર ખાતે મંત્ર લેખન યજ્ઞ યોજાશે, સવારે ૭:૩૦ થી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી રામનામ લેખન થશે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના શુભ દિવસે, ભક્તો દ્વારા લખાયેલા રામનામ અયોધ્યા નિજમંદિરમાં શ્રી રામલલા બિરાજમાન થવાના ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનશે : ટ્રસ્ટ દ્વારા રામ નામ લખનાર દરેક ભક્તને ભોજન પ્રસાદની વ્યવસ્થા**

ભગવાનના પ્રસાદ સ્વરૂપે ભોજન પ્રસાદ કરાવવા માટે પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

ત્યારે ભકતો દ્વારા સોમનાથ ખાતે શ્રી રામ મંદિરમાં રામનામ લખવામાં આવેલ પુસ્તકો સનાતન ધર્મના અખંડ આસ્થાના બે મુખ્ય કેન્દ્ર સોમનાથ અને અયોધ્યાની ઐતિહાસિક યાત્રાના સાક્ષી બનશે. ભકતો દ્વારા લખાયેલ રામનામ શ્રી રામ મંદિર અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમર્પિત કરવામાં આવશે. અને ભક્તોનું લેખન પુણ્ય ભારતના ભાગ્યોદયનું સાક્ષી બનશે.

# પાકિસ્તાન જેલમાં મોતને ભેટેલા કોડીનારના દુદાણા ગામના માછીમારનો મૃતદેહ ૨૨ દિવસે માદરે વતન પહોંચ્યો





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩

પાકિસ્તાન જેલમાં વધુ એક ભારતીય માછીમારે દમ તોડયો છે.ગીર સોમનાથ જીલ્લા ના કોડીનાર તાલુકાના દુદાણા ગામના ભુપતભાઈ જીવાભાઈ વાળા (ઉ .વ.૫૫) નામના માછીમારનું પાકિસ્તાન ની જેલમા મોત થતા મૃતદેહ આજે માદરે વતન દુદાણા લાવવામાં આવ્યો હતો. ૨૨ દિવસ પહેલા આ માછીમાર ને હાર્ટ એટેક આવવાના કારણે મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. આજે ફિશરીઝ વિભાગના મુકેશભાઈ ડાકી દ્વારા મૃતદેહ દુદાણા ગામે તેમના પરિવાર ને સોંપવામાં આવ્યો છે. ભુપતભાઈ આજથી બે વર્ષ પહેલા તા.૧૨ -૧૦- ૨૧ ના રોજ પોરબંદરની રાજ ત્રિશુલ IND GJ 25 .2912 બોટ સાથે ફિશિંગ કરતા હતા ત્યારે પાક મરીન બોટ સાથે અન્ય ખલાસીઓ પણ ઉઠાવી ગઈ હતી. પરંતુ ભુપતભાઈ નું ગત ૯/૧૦/૨૦૨૩ ના રોજ હાર્ટ એટેક થી મોત થયું હતું.

'થોડા દિવસ પહેલાં પાક. જેલમાંથી સોશિયલ મીડિયા ના માધ્યમ થી એક મેસેજ આવ્યો કે ભુપત ભાઈ વાળા નામના માછીમાર નું મોત થયું છે, જે મેસેજ આવતા ભુપત ભાઈ ના પરિવાર પર આભ ફાટ્યું, જોકે ફિશરીઝ વિભાગ ને આ અંગે કોઈ જાણ ન હતી. પરંતુ થોડા દિવસ થતાં આખરે ફિશરીઝ વિભાગ ને જાણ થતાં આખરે ૨૨ દિવસ ભુપતભાઈ વાળા નામના માછીમાર નો મૃતદેહ માદરે વતન પહોંચતા પરિવાર સહિત ગામમાં માતમ છવાયો હતો, એક તરફ પાક. જેલમાં કેદ ૮૦ જેટલા માછીમારો ને છૂટવા ને લઈ સમાચાર આવી રહ્યા છે અને તેવા માં કોડીનાર નજીક ના નાનકડા ગામમાં માછીમાર નો મૃતદેહ વતન દુદાણા આવતા માછીમાર પરિવાર પર આભ ફાટ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ભુપતભાઈ અંદાજે બે વર્ષથી પાક. જેલમાં કેદ હતા અને હાલ માજ દિવાળી પર છૂટતા માછીમારો ની લીસ્ટ માં કદાચ તેઓનું નામ પણ આવી જાત, પરંતુ અંદાજે ૨૨ દિવસ પહેલા પાકિસ્તાન જેલમાં ભુપતભાઈ ને શ્વાસ લેવામાં તકલીફ થતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા, જ્યાં તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જોકે ફિશીરીજ વિભાગ ના જણાવ્યા મુજબ ભુપત ભાઈ વાળા ને હર્દય હુમલો આવતા તેઓનું મોત થયું છે, સરકારે ભલે છેલ્લા કેટલાક સમયથી પાક. જેલ માં બંધક અનેક માછીમારો ને જેલ માંથી છોડાવી વતન લવાયા છે, પરંતુ હજુ પણ પાકિસ્તાન જેલમાં કેટલાય માછીમારો સબડી રહ્યા છે અને અનેક માછીમારો બીમાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે, ત્યારે મૃતક ના પરિવાર એ પાકિસ્તાન જેલમાં પોતાના ઘરના મોભી ને ખોયા છે તેઓનો પણ સરકાર સામે બે હાથ જોડી કહી રહ્યા છે કે જે પણ માછીમારો પાકિસ્તાન જેલમાં કેદ છે તેઓને વહેલી તકે વતન લાવવામાં આવે તેવી માંગણી છે.

# માંગરોળ : સફાઈ કામદારોની માંગ ટુંક સમયમાં સંતોષાય જાશે તેવી બાંહેધરી આપતા ધારાસભ્ય

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૩



માંગરોળમાં ચાર માસના ચડત વેતન ચુકવવા, કોન્ટ્રાક્ટ પધ્ધતિ નાબુદ કરવા, લધુત્તમ વેતન ધારા મુજબ વેતન આપવા, પીએફના નાણાં જમા કરાવવા સહિતના વિવિધ પ્રશ્નો બાબતે નગરપાલિકા સામે આઉટ સોર્સીગ સફાઈ કામદારો, મહિલાઓ પ્રતિક ઉપવાસ પર ઉતર્યાના આજે બીજા દિવસે ઉપવાસી છાવણીની ભાજપના રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના આગેવાન વેલજીભાઈ મસાણી, ભાજપ શહેર પ્રમુખ લીનેશભાઈ સોમૈયાએ મુલાકાત લીઘી અને સફાઈ કામદારોના પ્રશ્નોને સાંભળીને વેલજીભાઈ મસાણીએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી સફાઈ કામદારોની માંગને ટુંક સમયમાં સંતોષાય જાશે તેવી બાંહેધરી આપી હતી. અને આ બાબતે ધારાસસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા બહારગામ હોય તેથી ટેલીફોનીક પુછપરછ કરતા તેમણે પણ આ પ્રશ્ને ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી આ સફાઈ કામદારના પ્રશ્નોનો ટુંક સમયમાં નિકાલ કરીને પગાર ચુકવી આપવામાં આવશે તેવુ જણાવેલ હતુ. અને આ કર્મચારીઓના પગાર સીધા જ બેંકના એકાઉન્ટમાં જમા થાય તે બાબતે પણ માંગરોળ નગરપાલીકા વહીવટદારને રજુઆત કરાઈ છે. ભાજપના આગેવાનો દ્વારા ઉપવાસ છાવણીની મુલાકાત લઈ સફાઈ કામદારોને હૈયાધારણા મળતા ઉપવાસી સફાઈ કામદારો પરિણામ નજીક હોય તેવી આશા સેવાઈ રહી છે.

# ભાટિયામાં વર્લ્ડ કપ ક્રિકેટ પર જુગાર રમતો શખ્સ ઝડપાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

કલ્યાણપુર તાલુકાના ભાટિયા વિસ્તારમાં એલસીબી પોલીસના પેટ્રોલિંગ દરમિયાન સ્ટાફના મસરીભાઈ ભારવાડીયા તથા લાખાભાઈ પિંડારિયા અને ભરતભાઈ જમોડને મળેલી બાતમીના આધારે ભાટિયાની હરસિધ્ધિ સોસાયટીમાં રહેતા અને ફ્રુટનો વ્યવસાય કરતા પ્રવીણ ભોવાનભાઈ ગોસ્વામી નામના ૩૩ વર્ષના બાવાજી શખ્સને હાલમાં રમાઈ રહેલી આઈ.સી.સી. ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં ભારત અને શ્રીલંકા વચ્ચેના ક્રિકેટ મેચ પર ઓનલાઈન આઈ.ડી. મારફતે રનફેર તથા હારજીત પર મોબાઈલ ફોન મારફતે ઓનલાઈન જુગારનો સટ્ટો ખેલતા ઝડપી લેવામાં આવ્યો હતો.



ઝડપાયેલા આ શખ્સ પાસેથી પોલીસે રૂપિયા ૪૫,૫૦૦ રોકડા તથા રૂપિયા ૧૭,૦૦૦ ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન ઉપરાંત રૂ. ૨૫,૦૦૦ નું એક મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૮૭,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ પ્રકરણમાં મુંબઈ ખાતે રહેતા બીપીનકુમાર મણીલાલ તન્નાનું નામ પણ ખુલવા પામ્યું છે. જે અંગે પોલીસે ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.વી. ગળચર, એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા, ભરતભાઈ જમોડ, દિનેશભાઈ માડમ, સચિનભાઈ નકુમ, હસમુખભાઈ કટારા વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના યુવાનોની દિલ્હી ખાતે અમૃત કળશ યાત્રાના સમાપન કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દિલ્હી ખાતે ભાજપની અમૃત કળશ યાત્રાનો સમાપન સમારોહ રંગે ચંગે ઉજવાયો હતો. આ ભવ્ય કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના યુવા કાર્યકરો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વનરાજસિંહ વાઢેરની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે યોજાયેલી અમૃત કળશ યાત્રામાં ઉપસ્થિત રહેવાના આ કાર્યક્રમમાં જિલ્લાના મહામંત્રી આનંદ હરખાણી, દિનેશ બેલા, રવિ પરમાર, ભાર્ગવ તન્ના, પ્રદીપસિંહ જાડેજા, રવિ વારા, કિરીટસિંહ વાઘેલા, કપિલ મથ્થર, મિલન નકુમ, ભીમદેવસિંહ જાડેજા, મયુર મકવાણા, રાજુ મોઢા, હાર્દિક વાડિયા અને મહેન્દ્ર મકવાણા આ ભવ્ય સમાપન કાર્યક્રમમાં જોડાઈને સાક્ષી બન્યા હતા.

# દ્વારકાધીશ મંદિર ખાતે શિશ ઝુકાવતા જાણીતા હિરોઈન કંગના રાણાવત





## નાગેશ્વર, બેટ દ્વારકા સહિતના મંદિરોમાં દર્શન કર્યા

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

દેશના જાણીતા હિરોઈન કંગના રાણાવતએ ગઈકાલે સાંજે દેવભૂમિ દ્વારકાના ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ અને દ્વારકાધીશ સહિતના વિવિધ મંદિરોમાં દર્શન કર્યા હતા. જાણીતા એક્ટ્રેસ કંગના રાણાવત ગઈકાલે ગુરૂવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાતે આવી પહોંચ્યા હતા. વાય-પ્લસ કેટેગરીની સુરક્ષા ધરાવતા કંગનાએ ગત સાંજે જાણીતી લેમન ટ્રી હોટલ ખાતે મુકામ કરી અને જ્યોતિર્લિંગ નાગેશ્વર, બેટ દ્વારકા ઉપરાંત રૂક્ષ્મણી મંદિર સાથે ગતસાંજે વિશ્વવિખ્યાત યાત્રાધામ જગતમંદિર શ્રી દ્વારકાધીશજી મંદિર ખાતે જઈ અને શીશ નમાવ્યું આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ મંદિર સુરક્ષાના મુખ્ય અધિકારી ડી.વાય.એસ.પી. સમીર સારડા તથા સ્ટાફ દ્વારા જરૂરી બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો. નિયમિત રીતે દર્શનાર્થે આવતા અને ભગવાન દ્વારકાધીશમાં અપરંપાર આસ્થા ધરાવતા કંગના રાણાવતએ આજરોજ સવારે સોમનાથ ખાતે પણ પૂજન અર્ચન કર્યું હતું.

# ખંભાળિયામાં વિવિધ દર્દીઓ માટે લાભરૂપ આયુષ કેમ્પનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલા નગરપાલિકા સંચાલિત યોગ કેન્દ્રના હોલ ખાતે આગામી રવિવાર તા. ૫ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી વિવિધ પ્રકારના તેમજ હઠીલા દર્દોની વિનામૂલ્યે સારવાર માટે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સૂચના મુજબ રાજ્યની આયુષ કચેરી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદ અધિકારી કચેરીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલા આ આયુષ મેળામાં આયુર્વેદિક નિષ્ણાતો દ્વારા વિવિધ પ્રકારના રોગોનું નિદાન કરી અને સારવાર આપવામાં આવશે. જેમાં જુના સાંધા અને સ્નાયુના રોગો માટે તુરંત જ લાભકર્તા પંચકર્મ અને અગ્નિકર્મ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

સાથે સાથે ચામડી તથા નાક, કાન, ગળાના રોગોમાં પણ હોમિયોપેથીક સારવાર ઉપરાંત બીપી, ડાયાબિટીસ, થાઈરોઈડ, સ્થૂળતા, વિગેરે જેવા લાઈફ સ્ટાઈલને લગતા રોગો સાથે માનસિક રોગોના દર્દીઓ માટે યોગ નિષ્ણાતો દ્વારા યોગનું માર્ગદર્શન પણ આપવામાં આવશે.

આ કેમ્પમાં વૃદ્ધાવસ્થાજન્ય રોગોમાં વિશેષ સારવાર ઉપરાંત હલતા દાંત અને દાઢને જાલંધર બંધ યોગ પદ્ધતિથી વગર ઈન્જેકશને કાઢી આપવામાં આવશે. એટલું જ નહીં, આ કેમ્પમાં બાર વર્ષ સુધીના બાળકોને રોગપ્રતિકારક શક્તિવર્ધક અને બુદ્ધિવર્ધક સુવર્ણ પ્રાસનના ટીપા પણ વિનામૂલ્ય જ પીવડાવવામાં આવશે.

સાથે સાથે રસોડાના ઔષધો તથા ઘરગથ્થુ ઉપચાર અંગે નિષ્ણાંત તબીબો દ્વારા લોકોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આયુષની જીવન પદ્ધતિ અપનાવવા બાબતે, દિનચર્યા, ઋતુચર્યા, વિરુદ્ધ આહાર, વિગેરે બાબત અંગે પણ ચાર્ટ પ્રદર્શન દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના લોકોને જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૭૨૭૯૯૦૮૯૯ અને ૭૦૪૧૧૧૦૩૪૮ પર સંપર્ક કરવા પણ વધુમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે દિપોત્સવી કાર્યક્રમનું ભવ્ય આયોજન






## શ્રી રાધારમણ દેવ વહિવટી સમિતિ જૂનાગઢ વતી શાસ્ત્રી મુખ્ય કોઠારી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા કોઠારી શ્રી પી.પી. સ્વામી દ્વારા દર્શનનો લાભ લેવા હરીભકતોને ભાવભર્યું નિમંત્રણ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોના પર્વ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે અને પૂજન તેમજ અન્નકોટ સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ તરફથી ભાવિકો તેમજ હરીભક્તો માટે દર્શનનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવેલ છે.


જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા દેવો શ્રી સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવોની પૂજન વિધી અને ધાર્મિક કાર્યક્રમો સમયાંતરે યોજવામાં આવતા હોય છે. શ્રી રાધારમણ દેવ વહિવટી સમિતિના ચેરમેન દેવનંદન સ્વામી તેમજ શાસ્ત્રી મુખ્ય કોઠારી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસથી તથા કોઠારી સ્વામીશ્રી પી.પી. સ્વામી અને સંતોના માર્ગદર્શન હેઠળ તેમજ ટ્રસ્ટીઓ અને હરીભકતોની ભારે જહેમતથી વર્ષ દરમ્યાન જુદા-જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. અહીં આવનારા ભાવિકો માટે પ્રસાદ-ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે વિકાસના કાર્યો પણ પુરજોશથી ચાલી રહ્યા છે અને જૂનાગઢ ખાતે આવેલું શ્રી સ્વામિનારાયણ જૂનાગઢધામ ભાવિકો માટે અને હરીભકતો માટે આસ્થાનું કેન્દ્ર છે. ધ.ધુ.પૂજય રાકેશપ્રકાશજી મહારાજના વડપણ હેઠળ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે ધર્મોત્સવ તેમજ પૂજન, અભિષેક સહિતના કાર્યો તેમજ સેવાકીય કાર્યો પણ કરવામાં આવતા હોય છે. આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને ધ્યાને લઈ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આગામી તા.૯-૧૧-૨૦૨૩ ગુરૂવારના રોજ રમા એકાદશી, વાઘ બારશનું પર્વ છે. જયારે તા.૧૦-૧૧-૨૦૨૩ શુક્રવારે ધનતેરસના દિવસે સવારે ૯ થી ૧૦ દરમ્યાન ધનપૂજનનો કાર્યક્રમ યોજાશે. જયારે તા.૧૧-૧૧-૨૦૨૩ શનિવારે સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન કાળીચૌદશના દિવસે હનુમાનજી મહારાજની પૂજન વિધી થશે. જયારે તા.૧૨-૧૧-૨૦૨૩ રવિવારે સાંજે ૭ થી ૧૦ દરમ્યાન દિપોત્સવ દિપાવલી પર્વ પ્રસંગે પૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. જયારે આજ દિવસે એટલે કે તા.૧૨-૧૧-૨૦૨૩ રવિવારના સાંજે ૫:૫૫ થી ૭:૩૦ દરમ્યાન ચોપડા પૂજન, લક્ષ્મી તથા શારદા પૂજન થશે. જયારે તા.૧૩-૧૧-૨૦૨૩ સોમવારે સવારે ૧૧ કલાકે ગોવરધન પૂજન થશે અને તા.૧૩-૧૧-૨૦૨૩ સોમવારે બપોરે ૧૨ કલાકે અન્નકુટોત્સવ યોજાશે. જયારે તા.૧૪-૧૧-૨૦૨૩ મંગળવાર કારતક સુદ એકમના દિવસે નૂતન વર્ષ ઉજવાશે. જયારે તા.૧૫-૧૧-૨૦૨૩ બુધવારના રોજ ભાઈબીજનો તહેવાર મનાવવામાં આવશે અને તા.૧૮-૧૧-૨૦૨૩ શનિવારના રોજ લાભ પાંચમનું પર્વ મનાવાશે.


જયારે તા.૨૭-૧૧-૨૦૨૩ સોમવારના રોજ દેવ દિવાળીનું પર્વ મનાવવામાં આવશે. આ તમામ કાર્યક્રમના મુખ્ય આયોજક તરીકે શ્રી રાધા રમણ વહિવટી સમિતી જૂનાગઢ વતી શાસ્ત્રી મુખ્ય કોઠારી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી શ્રી પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. હરીભકતોને આ કાર્યક્રમમાં લાભ લેવા આયોજકો તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું હોવાનું પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.




# જૂનાગઢ પર્યટન હબ - તહેવારોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડશે

## જૂનાગઢ શહેરમાં આવેલા ધાર્મિક સ્થળો અને ફરવા લાયક સ્થળોએ ઉમટી પડશે માનવ મહેરામણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

પ્રવાસન ક્ષેત્રનું હબ ગણાતા અને પ્રવાસી જનતા માટે હોટફેવરીટ ગણાતું જૂનાગઢ શહેર અને આસપાસના ફરવા લાયક સ્થળો તેમજ ધાર્મિક સ્થળોએ આગામી તહેવારોના દિવસો દરમ્યાન દુર-દુરથી પ્રવાસી જનતા ઉમટી પડે તેવી ધારણા સેવાઈ રહી છે અને તે અંગેની તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્ર કે જયાં ગરવા ગિનાર ખાતે આવેલા જગત જનની અંબાજી માતાજીના દર્શનાર્થે વર્ષ દરમ્યાન રોપવે મારફત ભાવિકોનો પ્રવાહ સતત વહેતો રહે છે. જૂનાગઢમાં ભૂતનમાથ મહાદેવ, શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર તેમજ મહાલક્ષ્મી મંદિર તેમજ બિલનાથ મંદિર અને વિવિધ ધાર્મિક સ્થળો ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં આવેલા ભવનાથ મહાદેવ મંદિર, ગુરૂ દત્તાત્રેયની ટુંક તેમજ શ્રી ગોરક્ષનાથ આશ્રમ સહિતના ધાર્મિક સ્થળોએ પણ ભાવિકો ઉમટી પડતા હોય છે. આ ઉપરાંત જૈનના ધર્મસ્થાનો ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં આવેલા ધાર્મિક સ્થળોએ પણ દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આવે છે. આ ઉપરાંત ઉપલા દાતાર પર્વત ઉપર આવેલા અને કોમી એકતા સ્વરૂપ એવા ઉપલા દાતારબાપુની જગ્યા ખાતે પણ ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડે છે. આ ઉપરાંત જૂનાગઢની શાન સમા ઉપરકોટનો કિલ્લો કે જે નવીનીકરણ પામેલો છે ત્યાં પણ પ્રવાસી જનતા આ વર્ષે ઉમટી પડશે. આ ઉપરાંત નવાબી શાસન કાળની યાદ સમા અને જૂનાગઢના તાજમહેલ ગણાતા મહોબત મકબરાની મુલાકતે પણ પ્રવાસીઓ ઉમટી પડતા હોય છે. તો બીજી તરફ સક્કરબાગ પ્રાણી સંગ્રાહલય ખાતે પણ તહેવારોના દિવસોમાં તેમજ રજાઓના દિવસોમાં પ્રવાસીઓનો ભારે પ્રવાહ રહેતો હોય છે. જૂનાગઢ નજીક આવેલા સતાધાર ધામ, પરબધામ તેમજ સોમનાથ મહાદેવ મંદિર ઉપરાંત સાસણ ગીર ખાતે પણ પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. આગામી દિપાવલી અને નૂતન વર્ષ તેમજ જલારામ જયંતિના તહેવારો બાદ દેવ દિવાળીનું પર્વ શરૂ થતું હોય ત્યારે ગરવા ગિરનારની લીલી પરિક્રમા યોજાતી હોય છે અને અંદાજીત ૧૦ લાખ ઉપરાંતના ભાવિકો સેવાનું પુનીત ભાથું બાંધવા આવી પહોંચે છે. આમ તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે જૂનાગઢ ખાતે અને આસપાસના ધાર્મિક સ્થળો તેમજ ફરવા લાયક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડશે તેમ મનાઈ છે.

# દિપાલી સહિતના તહેવારોની ખરીદી ઓનલાઈન નહી પરંતુ ઓફલાઈન કરવા માટે ગ્રાહકોને વેપારીઓની અપીલ

## જૂનાગઢનો પૈસો જૂનાગઢમાં જ ફરવો જોઈએ તો જ સ્થાનિક વિકાસને વેગ મળે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોને ધ્યાને લઈ વિવિધ બજારોમાં ખરીદીનો માહોલ ઉઠવા પામેલ છે અને જેમ જેમ તહેવાર નજીક આવશે તેમ તેજીનો દોર શરૂ થવાનો છે ત્યારે જૂનાગઢમાં ગ્રાહકોને ઓનલાઈન નહી પરંતુ ઓફલાઈન ખરીદી કરવા તરફ વાળવા માટે વેપારી એસોસિએશન દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત વેપારીઓ દ્વારા ગ્રાહકોને ઓફલાઈન ખરીદી કરવા અપીલ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક સમયથી ઓનલાઈન ખરીદીનો ક્રેઝ જૂનાગઢ સહિત ગુજરાતભરમાં વ્યાપક બન્યો છે ત્યારે તહેવારોના આ દિવસોમાં પણ ઓનલાઈન ખરીદી થઈ શકે છે પરંતુ તેને કારણે સ્થાનિક વેપારીઓના ધંધામાં માર પડતો હોવાને કારણે મંદિ જેવું વાતાવરણ રહે છે. આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે તહેવારોના આ દિવસોમાં ગ્રાહકો દ્વારા અનેક ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવી રહી છે. આ સાથે જ સ્થાનિક વેપારીઓને તહેવારોની આ મોસમનો લાભ પુરેપુરો મળે અને વેપારીઓ દ્વારા પણ વ્યાજબી ભાવે પોતાની ચીજવસ્તુનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે અને તેનો લાભ ખરીદારો અને ગ્રાહકો લઈ શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે જૂનાગઢ શહેરના વેપારીઓ દ્વારા ગ્રાહકોને ઓફલાઈન ખરીદી કરવા માટેની અપીલ કરવામાં આવી છે.

# માંગરોળ પંથકમાં જુગાર દરોડો : ૬૨૩૦૦ના મુદામાલ સાથે બે મહિલા સહિત ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩ :માંગરોળ તાલુકાના ખોડાદા ગામે રાતડાવાડી વિસ્તારમાં રણજીતસિંહ ઉર્ફે મુન્નો ભીખુભા ચુડાસમા પોતાના ખેતરના નાળીયેરીના બગીચામાં જુગારનો અખાડો ચલાવતા હોવાની બાતમીના આધારે માંગરોળ મરીન પોલીસે રેડ કરતા રણજીતસિંહ ઉર્ફે મુન્નો ભીખુભા સહિત બે વ્યકિતઓ નાસી ગયેલ છે જયારે એક મહિલા સહિત બેને પોલીસે કુલ રૂા.૬૨૩૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જયારે કેશોદ પોલીસે એકલેરા ગામે જુગાર અંગે દરોડો પાડતા ત્રણ શખ્સોને રૂા.૧૧૫૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



જમીન, મકાન, દુકાન લે-વેચ માટે

અક્ષર સુવર્ણભૂમિમાં બ્લોક નં. ૧૨૦૨ વેચવાનો છે. ૩૧૦૦ કાર્પેટ એરીયા, 4BHK તથા દાસારામ પ્રાઈમમાં ૩/૪ માં ગ્રાઉન્ડ ફલોરમાં ૧૨૫૦નાં ૨ ગાળા વેચવાના છે.
તેમજ કોમર્શીયલ તથા મિલ્કત ભાડે ચડેલી મિલ્કત લેવી હોય તો મળશે.

મયંક એસ્ટેટ
રસીકભાઈ પટેલ
મો. ૯૪૨૭૩ ૭૭૯૧૭



ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.